ગમાર !!

[ટૉલ્સ્ટૉય કૃત અનોખી પરીકથા]

ગમાર !!

ધરતી માતા

[સર આલ્બર્ટ હાવર્ડ કૃત 'ધ સૉઈલ ઍન્ડ હેલ્થ']

કોઈ પણ વસ્તુના તત્ત્વના જ્ઞાનને 'વેદ' કહી શકાય, અને તે જ્ઞાનનો પહેલપ્રથમ પ્રકાશ અંતરમાં લાધનારને 'ઋષિ' કહેવાય, તો ધરતી માતાના વેદ-જ્ઞાનનો આવિષ્કાર કરનાર આ 'ઋષિ'ની કૃતિનો આ વિસ્તૃત સંક્ષેપ છે.

પરદેશી જ્ઞાન અને વસ્તુઓના મોહમાં અંધ બનેલા આપણા રાજકર્તાઓ અને તેમના કહેવાતા 'વિજ્ઞાની'ઓ આપણી ધરતી માતાની રાસાયણિક ખાતરો અને યાંત્રિક ખેડથી કેવી બરબાદી સરજી રહ્યા છે, તેની આવી સ્પષ્ટ ચેતવણી ઉચ્ચારનાર આ હિંમતવાન બહાદુર વિદ્વાનની ચેતવણી તરફ માતૃદ્રોહ કરવાનું મહા-પાપ આચરીને જ આપણે દુર્લક્ષ કરી શકીએ!

કિં૦ ૧૦.૦૦

શ્રી. એમ. કે. એમ. ટ્રસ્ટ ગ્રંથમાળા–૮

ગમાર!!

[ટૉલ્સ્ટૉય કૃત અનોખી પરીકથા]

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ

આચાર્યશ્રી જે. બી. કૃપલાની અને મગનભાઈ દેસાઈ
મેમોરિયલ ટ્રસ્ટ
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ-૫૪

પ્રકાશક
પુ૦ છો૦ પટેલ
મંત્રી
આચાર્યશ્રી જે. બી. કૃપલાની અને મગનભાઈ દેસાઈ
મેમોરિયલ ટ્રસ્ટ
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ-૫૪

મુદ્રક
પરેશ કાન્તિલાલ ગાંધી
સર્વોદય પ્રેસ, ૬/૪૮, સત્યાગ્રહ છાવણી, અમદાવાદ-૫૪

પહેલી આવૃત્તિ, પ્રત ૧૦૦૦

મુખ્ય વિક્રેતા
વર્લ્ડ ક્લાસિક મ્યૂઝિયમ
ઍડવાન્સ સિનેમા સામે, ભદ્ર, અમદાવાદ-૧

કિં૦ ૫ રૂપિયા

ઑક્ટોબર ૧૯૮૫

પ્રકાશકીય

ભારતવર્ષના ઇતિહાસમાં શ્રીકૃષ્ણે પહેલી વાર અવતાર-વાદ રજૂ કર્યો. ધર્મ-સંસ્કૃતિની બાબતમાં મોટો માનવ-સમુદાય જ્યારે અવળે માર્ગે ચડી જઈ ઘોર અધઃપાત પામે છે, ત્યારે તેને તેમાંથી પાછો વાળી કલ્યાણને માર્ગે લઈ આવવાનું કામ અશક્ય જેવું બની રહે છે. તેવા કપરા કાળમાં પણ જે મહાન વિભૂતિ પ્રગટ થઈને તે અશક્ય જેવું કામ પાર પાડી આપે, તે સ્વાભાવિક રીતે જ પરમાત્માનો અવતાર ગણાય.

શ્રીકૃષ્ણે તે પ્રમાણે પોતાના જમાનામાં સંન્યાસને નામે પ્રવર્તેલા કર્તવ્ય-ત્યાગને, અને યજ્ઞને નામે પ્રવર્તેલા ભોગૈશ્વર્ય માટેના વૈદિક ક્રિયાકાંડને* ભારે હિંમત-પરાક્રમ દાખવીને પછાડી નાખ્યા, અને કર્તવ્ય-કર્મના માર્ગને પુનઃસ્થાપિત કર્યો. અલબત્ત, પ્રજાઓના ઉદ્ધારક મહાપુરુષોની બાબતમાં હંમેશ બનતું આવ્યું છે તેમ, તેમને કમોતે જ મરવું પડયું.

ત્યાર પછી, લાંબા કાળે, મુસલમાન ધાડાંઓ પોતાના પશુ-બળથી ભારત ઉપર કબજો જમાવી બેઠાં; અને ધર્મને નામે પ્રજા ઉપર કેવળ જુલમ અને અત્યાચાર કરવા લાગ્યાં. તે વખતે નિર્માલ્ય – નિષ્પ્રાણ બનેલા હિંદુઓ તો મુસલમાનોની ભાષા સ્વીકારી લઈ, તેમની સેવા-ભક્તિમાં લાગી ગયા અને માત્ર જીવવા ખાતર જીવવાનું જીવન જીવવા લાગ્યા.

ત્યારે ધર્મભ્રષ્ટ થયેલા હિંદુઓ તેમજ મુસલમાનોને સાચો ધર્મ-માર્ગ બતાવનારા શીખ ગુરુઓ પ્રગટ થયા અને તેમણે પ્રજામાં પોતાના

---

* ગીતા અ૦ ૨, શ્લો૦ ૪૨-૩. यामिमां पुष्पितां वाचम्... वेद-वादरताः... भोगैश्वर्यगतिम् प्रति ।

ઉપદેશ – આચરણથી સાચી ધર્મભાવનાને જાગ્રત કરી આપી. પરંતુ પાંચમા શીખગુરુને તપાવેલા લોખંડના તવા ઉપર શેકીને, નવમા શીખગુરુનું માથું કાપી નાખીને અને દસમા શીખગુરુના બંને પુત્રોને જીવતા ભીંતમાં ચણી લઈને શીખગુરુઓને ખતમ કરવામાં આવ્યા.

પછી આવ્યો, બંદૂક અને દારૂગોળાની મદદથી આખી દુનિયા ઉપર ફરી વળેલા ધર્મભ્રષ્ટ, નીતિભ્રષ્ટ ગોરાઓનો યુગ. તેમણે ન્યાય-નીતિ-ઈશ્વર બધાંને કોરાણે મૂકી, ઠેરઠેર જુદી જુદી પ્રજાઓ ઉપર હકૂમત જમાવીને કે તેમનું નિકંદન કાઢીને પોતાની વિજ્ઞાન-ટેકનોલૉજીની આસુરી ભોગૈશ્વર્ય-સંસ્કૃતિ પ્રવર્તિત કરી. તે વખતે અધોગતિ પામેલી ભારતની પ્રજા પણ, મુસલમાનોના વખતમાં કર્યું હતું તેમ, નીચી મૂંડીએ ગોરાઓની ભાષા અને સંસ્કૃતિ અપનાવીને તેમની સેવા-ભક્તિમાં લાગી ગઈ. ગોરાઓની હકૂમત હેઠળ ભારતની પ્રજાની થયેલી એ આર્થિક, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક અધોગતિ અને અવનતિથી અકળાઈ ઊઠેલા ગાંધીજીએ ગોરાઓના પશુબળ સામે આત્મશુદ્ધિ-મૂલક અહિંસા-સત્યાગ્રહનું આધ્યાત્મિક બળ પ્રજામાં પ્રગટાવીને ગોરાઓના પશુબળને માત કર્યું અને ભારતને આઝાદી અપાવી. પણ સદા બને છે તેમ, તેમને તેમના જ દેશબાંધુઓએ બંદૂકની ગોળીઓથી ઠાર કર્યા.

પછી આઝાદ બનેલા ભારતની બાગદોર જવાહરલાલ નેહરુના હાથમાં આવતાં, તેમણે, ગાંધી-મૂલ્યોને મિટાવી દઈ, પાછી ગોરાઓની વિજ્ઞાન-ટેકનોલૉજી-મૂલક આસુરી ભોગૈશ્વર્ય-સંસ્કૃતિ ભારતમાં પ્રવર્તિત કરી. ગાંધીજી એ પાશ્ચાત્ય ભોગૈશ્વર્ય-સંસ્કૃતિના કટ્ટર વિરોધી હતા; કારણકે, તેમાં અંતે પશુબળ ઉપર મુસ્તાક બની, લાખોની રોજી-રોટી એકહથ્થુ કરી લઈ, થોડાક લોકોને જ તવંગર અને બાકીના બધાને ભૂખે મરતા ગુલામો બનાવવાપણું; તથા બીજી તેવી જ પશુબળ ઉપર મુસ્તાક પરદેશી તાકાતો સાથે હરીફાઈમાં ઊતરવાપણું અને અથડામણમાં આવવાપણું રહેલું છે, એમ તે સ્પષ્ટ જોઈ ગયા હતા.

લશ્કરી તાકાત ઉપર નભતું રાજતંત્ર કદી કલ્યાણકર હોઈ ન શકે, અને પશુબળના આધાર વિનાનું કલ્યાણરાજ્ય કેવું હોઈ શકે, તેનું દર્શન કરી, મહર્ષિ[1] ટૉલ્સ્ટૉયે, પોતાની અપ્રતીમ વાર્તાશૈલીથી 'ઈવાન ધ ફુલ' નામની પરીકથા રચી છે. તેમની ચેતવણી અવગણીને પાશ્ચાત્ય ગોરી પ્રજાઓ કેવાં બે મહા-યુદ્ધોમાં અટવાઈને બરબાદ થઈ, તથા આફ્રિકા-એશિયાનાં તેમનાં મહા-સામ્રાજ્ય કેવાં અસ્ત પામ્યાં, તેનો ઈતિહાસ તો તાજો જ છે. ગાંધીજી પણ પશુબળ ઉપર આધારિત રાજતંત્રના વિરોધી હતા અને તેમણે બહુ પહેલાં ટૉલ્સ્ટૉયની એ પરીકથાનું ગુજરાતી ભાષાંતર 'મૂરખરાજ' નામે તૈયાર કર્યું હતું.

અત્યારે ભલે ન માને, પણ છેવટે વિશ્વે ટૉલ્સ્ટૉયે રજૂ કરેલો લશ્કરી બળના આધાર વિનાનો માનવસમાજ ઊભો કરવો જ પડશે; અથવા તો પછી અણુયુદ્ધથી અર્ધ ઉપરાંત માનવજાતનો સંહાર વહોરવો પડશે. ભારતને પણ લશ્કરી બળનો માર્ગ છેવટે છોડવો જ પડશે; અથવા તો પરદેશી પ્રબળ લશ્કરી તાકાતોના ઘેરા હેઠળ – અને હવે તો અણુયુદ્ધની જ લટકતી તરવાર હેઠળ જીવવું પડશે.

પરંતુ લશ્કરી બળના આધાર વિનાનું રાજતંત્ર સ્થાપવા માટે ભોગૈશ્વર્ય માટેની વિજ્ઞાન-ટેકનોલૉજીની આસુરી સંસ્કૃતિ છોડીને ટૉલ્સ્ટૉયે નિરૂપેલી 'બ્રેડ લેબર'[2]-ની સંસ્કૃતિ અપનાવવી પડે – જેનો ભારતની પરિસ્થિતિના અનુસંધાનમાં તરજૂમો ગાંધીજીએ 'હાથે કાંતેલા કાપડ'-ની (ચરખાની) સંસ્કૃતિ કર્યો છે.

પણ બનવાનું હતું તે બન્યું જ: જવાહરલાલે અપનાવેલી આર્થિક – સામાજિક નીતિઓને પરિણામે ભારતને પોતાનાં ભોગૈશ્વર્યના યોગક્ષેમ માટે લશ્કરી તાકાત બનવું જ પડયું અને પરિણામે અમેરિકા-ચીન-પાકિસ્તાનની તેવી લશ્કરી તાકાતો સાથે હરીફાઈમાં અને પછી

---

૧. ઋષિ એટલે આર્ષ-દૃષ્ટા, પાર જોનાર.

૨. પોતાનો રોટલો (બ્રેડ) શારીરિક જાતમહેનતથી (લેબર) ઊભો કરવો તે.

અથડામણમાં આવવું પડયું. અત્યારે ભારત ચારે બાજુથી પરદેશી દુશ્મન-સત્તાઓ વડે ઘેરાયેલું છે અને તેમની હરીફાઈમાં તેને લશ્કરી ખર્ચ ગજા ઉપરાંત કર્યા કરવું પડે છે. તેમાંથી ક્યારે ભડાકો થશે એ કોઈ કહી શકે તેમ નથી; અને એ ભડાકો હવે પાછો અણુયુદ્ધનો હશે એ જ યાદ રાખવાનું છે. કારણકે, અમેરિકા અને ચીન બંને પાકિસ્તાનને અણુ-તાકાતથી સજ્જ કરી રહ્યાં છે.

પરંતુ આખા દેશને ચરખાની સંસ્કૃતિને માર્ગે વાળવાનું કામ હવે કોઈ સામાન્ય રાજકીય નેતાના બરનું રહ્યું નથી. તેને માટે તો વિરલ નૈતિક-આધ્યાત્મિક બળવાળો 'મહાત્મા' જોઈએ. તેવો કોઈ મહાપુરુષ ભારતમાં જ પેદા થાય તોય નવાઈ નહિ! કારણકે ગોરાઓના વિશ્વવ્યાપી શસ્ત્રબળ આધારિત સામ્રાજ્ય સામે અહિંસા-સત્યાગ્રહનું સંસ્કૃતિ-બળ લઈને ઝૂઝનાર અને વિજયી નીવડનાર પુરુષ ભારતમાં જ પ્રગટ થયો હતોને!

ટૉલ્સ્ટૉયની તે શકવર્તી પરીકથાના વસ્તુને આજના સંદર્ભમાં ફરી યાદ કરી જઈએ તો સારું, એમ વિચારી, એ પરીકથાનો પરિવાર સંસ્થાએ અપનાવેલ બૃહત્ સંક્ષેપની રીતે ભાવાનુવાદ, ટ્રસ્ટ તરફથી પ્રસિદ્ધ કરવાનું ઉચિત માન્યું છે. પરિવાર સંસ્થાની અનુવાદની એ પદ્ધતિ વિશ્વની બીજી ઘણી મહાન નવલકથાઓને અત્યારના ગુજરાતી વાચકને માફક આવે તે સ્વરૂપે ગુજરાતીમાં ઉતારવામાં સફળ નીવડી છે.

અનુક્રમણિકા

પ્રકરણ ૧

મારો ખેલ બગાડી નાખ્યો !

પ્રકરણ ૨

ગોઠિયા કામે લાગ્યા – ૧

પ્રકરણ ૩

ગોઠિયા કામે લાગ્યા – ૨

પ્રકરણ ૪

ગોઠિયા કામે લાગ્યા – ૩

પ્રકરણ ૫

બે ભાઈ રાજા બન્યા

પ્રકરણ ૬

ઈવાન પણ રાજા બન્યો !

પ્રકરણ ૭

ત્રણ રાજાનો રાજ-કારભાર

પ્રકરણ ૮

બુઢ્ઢો સેતાન કેડ બાંધે છે !

પ્રકરણ ૯

મૂરખરાજ !

૧

મારો ખેલ બગાડી નાખ્યો!

૧

એક હતો રાજા. રાજાના રાજ્યમાં એક પ્રાંત; અને પ્રાંતમાં એક ગામ.

ગામમાં એક સુખી ખેડૂત-કુટુંબ વસે: બાપ, મા, ત્રણ દીકરા અને એક દીકરી. દીકરી મોટી, પરણ્યા વિનાની, બહેરી અને મૂંગી.

ત્રણ દીકરામાં વડો સાઈમન: આખો દિવસ — 'લેફ્ટ-રાઈટ!' 'લેફ્ટ-રાઈટ!' કર્યા કરે. ખેતરે જવાનું નામ નહિ. બધા એને 'સોલ્જર' કહીને જ બોલાવે.

વચલો તરાસ: ઓછું આપી વધુ પડાવવાની જ દાનત. વાત-વાતમાં નફો કાતરવાની આવડત. 'ખેતી અને ખેતરમાં વળી શો કસ? — વેપાર-ધંધો જ ખરો!' બધા એને 'કબાડી' નામે જ ઓળખે.

છેક નાનો ઈવાન: હાડકાં ભાગી ખેતરમાં કામ કર્યા કરે. બીજી કશી અક્કલ કે હોશિયારી નહિ. ભલા-ભોળા ખેડૂતનો જ અવતાર. પછી સૌ 'ગમાર' જ કહેને!

૨

સાઈમન ગામ છોડી રાજાના લશ્કરમાં ભરતી થયો, અને રણમેદાનો ખૂંદી વળ્યો. રાજા ખુશખુશ! આપ્યો મોટો હોદ્દો અને આપી મોટી જાગીર. સેનાપતિ સાઈમન પરણ્યા એક ઉમરાવજાદીને. ઉમરાવજાદી રૂપરૂપનો અંબાર, પણ હાથની બહુ છૂટી! પતિ ખોબા ભરીને કમાય પણ ખૂટયા જ કરે!

દોડતો આવ્યો સાઈમન જાગીરે! કારભારીને કહે—'પૈસા આપ!' કારભારી કહે—'જાગીરમાં નથી ઢોર કે નથી ઓજાર; નથી ઘોડા કે નથી હળ-રાંપડી. પૈસા ક્યાંથી લાવું?'

સાઈમન દોડ્યો બાપ પાસે : 'મિલકતમાંથી ભાગ આપી દો.'

બાપ કહે—'તું અહીં શું કમાઈને લાવ્યો છે? અહીં તો બાપડો ઈવાન અને ગૂંગી હાડકાં તોડ્યા કરે છે!'

સાઈમન કહે—'પણ બાપનો દીકરો તો છુંને? એટલે મિલકતમાં મારો ભાગ. ઈવાન તો છે ગમાર, ને પેલી છે બહેરી-મૂંગી. એમને મિલકત શું કરવી છે?'

બાપ કહે—'એ તો ઈવાનને પૂછ—તેને મિલકત જોઈએ છે કે નહિ.'

ઈવાને કહી દીધું, 'મોટાભાઈને જે જોઈએ તે ભલે લઈ જાય!'

મોટાભાઈએ ભરાવ્યાં ગાડાં અને બધું ભળાવ્યું પોતાની જાગીરે. જાગીર હવે માલામાલ. સાઈમન પાછો પહોંચી ગયો રાજાની તહેનાતમાં.

૩

તરાસ ગામ છોડીને ગયો શાહ-સોદાગરને ત્યાં. વેપાર-ધંધામાં પાવરધો બન્યો; ખૂબ કમાયો; અને પરણ્યો શાહ-સોદાગરની દીકરીને. છતાં ધરાય શાનો! આવ્યો બાપ પાસે : 'મારો ભાગ આપી દો.'

બાપ કહે—'તેં કમાઈને શું મોકલાવ્યું છે? બિચારો ઈવાન અને ગૂંગી હાડકાં તોડીને કામ કરે છે અને દાણા લાવે છે. તેમનું રળેલું તું શાનો માગે?'

તરાસ કહે—'ઈવાનને એ બધું શા કામનું છે? એ ગમારને કોણ પરણવાનું છે કે પરણાવવાનું પણ? પેલી ગૂંગીનેય એ બધાનો શો ખપ? માટે, ઈવાન! અર્ધા દાણા મને આપી દે; મારે ઓજારમાં ભાગ નથી જોઈતો, કે ઢોર-ઢાંખમાં પણ. એકલો ઘોડો હું લઈ જઈશ; ખેતીમાં એ તને શા કામનો?'

ઈવાને હસીને જવાબ આપ્યો — 'ભાઈ, લઈ જાઓને તમ-તમારે. મારે ખૂટશે તો ઘણુંય પકવી લઈશ!'

તરાસે ગાડાં ભરીને દાણા, તથા મોટા ઘોડાને શહેર ભેગા કર્યા. ઈવાન પાસે બાકી રહી એક બુઢ્ઢી ઘોડી અને બુઢ્ઢાં મા-બાપ. એમને કોણ માગી જવાનું હતું!

૪

બુઢ્ઢા સેતાનના પેટમાં ચૂંક ઊપડી: "મિલકત વહેંચવાની બાબતમાંય ભાઈઓ લડી ન મરે અને બધું શાંતિથી પતી જાય, એ વળી કેવું? એમાં મારી શી આબરૂ રહી? મારું મોં તો 'કાળું' જ ને?" તરત યાદ કર્યા ત્રણ ગોઠિયાઓને. નાખી ત્રાડ — 'મા'ળા બબૂચકો! ઓલ્યા ત્રણ ભાઈ — સાઈમન – તરાસ અને ઈવાન મિલકત વહેંચતાંય લડયા નહિ અને સલામત સૌ-સૌને ઘેર પહોંચ્યા, એ વળી કેવું? તો પછી આપણે બધા છીએ શા માટે? પેલા ઈવાન ગમારે જ મારો ખેલ બગાડયો છે! પણ હવે બાંધો કેડ, ને લડાવી મારો ત્રણેયને એવા કે એકબીજાની આંખો ખેંચી કાઢવા જ વહેલા થાય! બોલો, છે હિંમત?

ત્રણેય બોલી ઊઠયા: "ઓહો, એના તે શા ભાર! હમણાં પતવ્યું જાણો!"

"પણ તમે શું કરશો, એ તો કહો!"

'જુઓ સરદાર, પહેલાં તો અમે તે ત્રણેયને પાયમાલ કરી નાખીશું. પછી જ્યારે દરેકની પાસે ખાવાનો દાણોય નહીં રહે, ત્યારે તે ત્રણેયને બાપને ઘેર ભેગા કરીશું; પછી જોજો મજા — કેવા એક-બીજાને કરડવા તડે છે તે!'

"ખરી વાત! તમે કામ બરાબર સમજતા લાગો છો. માણસ ભૂખે મરતો થાય ત્યારે જ હેવાન બને. જ્યાં સુધી છાકમછોળ હોય, ત્યાં સુધી શા માટે લડે-ઝઘડે? બસ, તો જાઓ, કરો ફત્તેહ! પણ જો

કામ પૂરું કર્યા વિના પાછા આવ્યા, તો જીવતા નહીં છોડું, એ જાણી રાખજો!"

૨

ગોઠિયા કામે લાગ્યા – ૧

સેતાનના ગોઠિયાઓ ઊપડયા ને જઈ પહોંચ્યા પોતાના માનીતા ઠેકાણે – ગંધાતા કીચડવાળા કળણમાં! ત્યાં નિરાંતે ગોઠવાઈને ત્રણે વિચારવા લાગ્યા કે કોણે કયાં જવું. પણ સેતાનના સાગરીત, એટલે દરેક જણ સહેલું કામ જ માગે! છેવટે નક્કી કર્યું કે, "નાખો ચિઠ્ઠીઓ: જેને ભાગ જેનું નામ આવે, તેણે તે ભાઈને પતવવો. જેનું કામ વહેલું પતે, તેણે બીજાને મદદ કરવા પહોંચી જવું. અમુક દિવસે પાછા ત્રણેયે અહીં જ ભેગા થવું; ને થયેલા કામનો હિસાબ આપવો!"

૧

ઠરાવેલ દિ'એ ત્રણે જણ ભેગા થયા – એ જ ગંધાતા કળણમાં. આપવા માંડયો કામનો હિસાબ.

પહેલો ગોઠિયો :– "હું તો પહોંચ્યો મોટા સાઈમનને ત્યાં. ચપટી વગાડતામાં બધું પતાવી દીધું! કાલે જ સાઈમન બાપના ઘર ભેગો થયો જાણો!"

બીજા બે :– "માંડીને તો વાત કર!"

પહેલો ગોઠિયો :– "પહેલાં તો મેં સાઈમનને એવો ચગાવ્યો કે તેણે રાજા પાસે જઈને બડાશ મારી – 'મહારાજ, આપો હુકમ, આખી દુનિયાના રાજા જીતી લાવું! પછી બધાની દોલત આપના ખજાનામાં!'

"રાજાની દાઢ સળકી. તેણે લશ્કર સોંપ્યું સાઈમનને અને કહ્યું, 'કરો ફત્તેહ!'

"સાઈમન ઊપડયો ભારત દેશ ભણી. ત્યાંના રાજાને અઢળક દોલત. સાઈમને કર્યો હલ્લો ને આવી ગયા બંને સામસામા. આગલી રાતે મેં સાઈમનનો બધો દારૂગોળો ભીંજવી નાખેલો; અને ભારતી રાજાના લશ્કરમાં રાડાંના બનાવેલા સોલ્જરો ગોઠવી દીધેલા. એટલે સાઈમનની ચારે કોર ભારતી રાજાના માણસો કીડિયારાની પેઠે ઊભરાય! સાઈમને કર્યો હુકમ, 'ભરો તોપો અને ઊડાવી દો એ કીડિયારાને!' પણ દારૂગોળો સળગે તોને! સાઈમનના સૈનિકો મૂઠીઓ વાળીને નાઠા અને વળી ગયો કચ્ચરઘાણ! રાજાએ સાઈમનને પૂર્યો અંધારી કોટડીમાં અને તેની જાગીર કરી જપ્ત! હું કાલે જઈ સાઈમનને જેલમાંથી ભગાડીશ; એટલે તે સીધો પહોંચશે બાપને ઘેર! પછી બંદા નવરા. સિવાય કે, તમારે કોઈને મારી મદદ જોઈતી હોય!"

૨

હવે બીજા ભાઈ તરાસને ત્યાં ગયેલા ગઠિયાએ વાત માંડી. "મારું કામ પણ પત્યું જ જાણો! મારે કોઈની મદદની જરૂર નથી. એક અઠવાડિયામાં તરાસ પણ બાપના ઘરભેગો થશે! મેં એને એવો ચગાવ્યો કે, તે માંડયો માલ ખરીદવા. 'પછી માલ મોંઘે ભાવે વેચીને બની જઈશું લખપતિ!' પોતાની પાસે પૈસા ખૂટયા તો લીધા ઊછીના. માથાના વાળ જેટલું દેવું કર્યું છે. પણ આવતે અઠવાડિયે થશે લેણદારોનો તગાદો! તરાસનો બધો માલ મેં એવો બગાડી નાખ્યો છે કે, એક ફદિયું પણ ન ઊપજે! પછી તરાસભાઈનો પણ બાપને ઘેર પહોંચ્યે જ છૂટકો!"

૩

ત્રીજા ગઠિયા પાસે તો મોકાણના જ સમાચાર હતા:

"મારું બધું ધૂળધાણી થઈ ગયું! અને તમારું કર્યું પણ ધૂળધાણી થશે!'

"ભસી તો મર, — શું થયું છે!" પેલા બંને તડૂકયા.

"જુઓ, ખાલીપીલી બરાડશો નહીં. મેં કરવામાં કશી કસર નથી રાખી. પણ એ ઈવાનડો છે જ મા'ળો ગમાર; એનું શું થાય? એ ખેતરે જતાં ભૈડકી પીવા બેઠો. એની મહીં હું સારી પેઠ થૂંકયો; જેથી પેટમાં ભૈડકી માંડે કૂદવા! પછી હું પહોંચ્યો ખેતરમાં. બધી જમીન ટીપીને બનાવી દીધી પથરો! ઈવાનડો પેટ આમળતો બાટકયો ખેડવા. પણ હળ જમીનમાં પેસે તોને! છતાં મા'ળો ખસ્યો જ નહિ! ભાર દઈને હળની પૂણી પેસાડી જમીનમાં, અને પેટ દાબતો માંડયો ખેડવા. મેં હળપૂણી તોડી નાખી; તો ગયો ઘેર ને લાવ્યો બીજી! મેં જમીનમાં પેસી હળપૂણી પકડી રાખી; પણ મા'ળાએ જોર કર્યું તે મારાં આંગળાં જ કપાઈ ગયાં. પછી બેટાએ આખું ખેતર ખેડી નાખ્યું—માત્ર થોડું જ બાકી છે. કાલે એ પણ પૂરું થશે. પછી ભલેને તમે બંને ભાઈઓને ઘેર મોકલો: ઈવાનડો દાણા પકવી પકવીને બધાને ખવરાવશે!"

સાઈમનવાળો ભૂતડો બોલી ઊઠયો, "હું આવીશ કાલે સાથે. બેટાને ખબર પાડી દઉં કે કેમ ખેતર ખેડાય છે!"

બીજે દિ' ઈવાન મંડયો પેટ આમળતો ખેતર ખેડવા. સાઈમનવાળા ભૂતડાએ જમીનમાં પેસી વીંટી દીધા હાથ-પગ હળની પૂણીને. પછી હળ ચસકે શાનું? ઈવાન માથું ખંજવાળે. "ખેતરમાં મૂળિયાં તો છે નહિ; પછી હળ શામાં ભરાયું?" તેણે નાખ્યો હાથ જમીનમાં અને ખેંચી કાઢયું કશુંક. "અરે, આ તો મૂળિયું નો'ય! આ તો છે ગંદું-ભીનું-અમળાતું-સાપોલિયું!" ઈવાને માથા ઉપર વીંઝી તેને પછાડવા માંડયું હળની દાંડી પર. ભૂતડો કરગરી પડયો, "ના મારશો, ના મારશો મને! તમારું ઘણું કામ કરી આપીશ; મને જીવતો છોડો!"

"તું વળી શું કામ કરી આપવાનો, ભલા!"

"તમે કહો તે!"

"આ મારું પેટ અમળાય છે તે મટાડી દઈશ?"

"હાંઉ" કરતુંકને ભૂતડું પેઠું જમીનમાં. ઊંડેથી ખેંચી લાવ્યું ત્રણ મૂળિયાં. "લો મહેરબાન, આ ત્રણ. એક ખાશો કે ચૂંક બંધ! ગમે તે રોગ મટાડી દે!"

ઈવાને ત્રણને છૂટાં પાડી એક મૂકયું મોંમાં. પેટમાં પહોંચ્યું કે ચૂંક બંધ! ઈવાન રાજી રાજી.

ભૂતડું કહે, "બાપલા, હવે તો છોડશોને?"

ઈવાન કહે, "હા, નિરાંતે જા; ભગવાન તારું ભલું કરે!"

પણ બાપરે! ભગવાનનું નામ? સાંભળતાં જ ભૂતડું દાઝવા માંડયું. 'હાયરે!' 'હાયરે!' કરતું પેઠું જમીનમાં. જાણે પાણીમાં મોટો પહાણો પડયો! જમીન ફાટી ને પડયું મોટું ભગદાળું.

ઈવાને બાકીનાં બે મૂળિયાં મૂકયાં ટોપામાં. ટોપો માથે પહેરીને માંડયો ખેડવા. આખું પૂરું કરીને ઘેર પહોંચ્યો.

ઘરે સાઈમનભાઈ જોરુ સાથે જમવા બેઠેલા. તેમની જાગીર રાજાને કબજે અને પોતે માંડ જેલમાંથી ભાગેલા. ઈવાનને કહે, "નવી નોકરી શોધું ત્યાં લગી તારે ઘેર ધામા! હું ને મારી બૈયર બંને!"

"ભલે, ભલે, મોટાભાઈ! તમ-તમારે નિરાંતે રહેજોને!"

આમ કહી ઈવાન પણ સાથે જમવા બેઠો. તરત સાઈમનની બૈરી નાક દાબતી ઊભી થઈ ગઈ. "આ ગંધાતા ખેડૂત સાથે બેસીને શેં જમાય?"

સાઈમને ઈવાનને કહ્યું, "મારી લેડીથી તારા પરસેવાની ગંધ ખમાતી નથી; તું બહાર બેસીને જમ!"

ઈવાને કહ્યું, "બહુ સારું. આમેય મારે રાતે ઘોડીને ચરાવવા ખેતરે જાવું જ છે; તો અત્યારથી જ રોટલા બાંધીને થાઉં ચાલતો!"

૩

ગોઠિયા કામે લાગ્યા – ૨

બીજે દિવસે સાઇમનવાળો ભૂતડો આવી પહોંચ્યો ખેતરે : ભાઈબંધને મદદ કરવા. પણ ભાઈબંધ હોય ત્યારેને! આખું ખેતર ખૂંદી વળ્યો, તો જોયું મોટું ભગદાળું! 'જરૂર, મારા ભાઈબંધને ભાગવું પડયું લાગે છે. જીવ લઈનેસ્તો; નહીંતર આવડું ભગદાળું શાનું? પણ ઠીક છે; હવે આવી જા, બેટા ઇવાનડા! મારા ભાઈબંધની જગાએ હું છું ને સામો તું છે! ખેતર તો ખેડી નાખ્યું, પણ હવે બીડ કાપવા આવજે જોઉં!'

બોલતોકને ભૂતડો પહોંચ્યો બીડમાં. બીડ આખું પલાળી નાખ્યું : બધું ઘાસ પાણીથી લથબથ, અને નકરો કાદવ.

ઇવાન બીડમાં ઘાસ કાપવા આવ્યો. ચલાવ્યું દાતરડું; પણ ધાર જ બેવડી વળી ગઈ. દોડયો ઘેર. 'ટીપીને કરું સીધી; સાથે ભાતું પણ લેતો આવું — રાતવાસો રહેવાય.'

દાતરડું સમું કરતોકને પાછો મંડયો ઘાસ વાઢવા. ભૂતડો દાતરડું જમીન ભણી જ નમાવ્યા કરે. પણ ઇવાન એવું જોરથી વીંઝે કે ઘાસ ઊભું ને ઊભું કપાઈ જાય. આખું બીડ કપાઈ ગયું — ખાડમાંનું થોડું બાકી રહ્યું. ભૂતડો પહોંચ્યો ખાડ ભણી. ઘાસ બહુ ઘાટું નહિ, તોય દાતરડું પાછું જ પડે! ઇવાન હવે વકર્યો : દાતરડું એવા જોરથી ચલાવ્યું કે ભૂતડાભાઈ ખાડ છોડીને ભરાયા ઘાસની ગૂંચમાં. ગૂંચમાંય દાતરડું ન ચાલે. પણ ઇવાને એવું જોર કર્યું કે, ઘાસ ભેગી ભૂતડાની પૂંછડી જ

કપાઈ ગઈ. ભૂતડું થયું બોડું. ગૂંગી બહેનને ઘાસ એકઠું કરવાનું ભળાવી, ઈવાન પહોંચ્યો રાઈના[1] ખેતરમાં; લણવા માટે.

ભૂતડો પણ આવ્યો રાઈના ખેતરમાં. રાડાં એવાં ગૂંચવે કે દાતરડું ચાલે જ નહિ. ઈવાન દોડયો ઘેર — કાકરવાળું દાતરડું લાવવા. લાવીને લણી નાખ્યું આખું. એકલું ઓટવાળું[2] બાકી રહ્યું.

ભૂતડો કહે, 'સવારે વાત! તું ઓટવાળું લણે તો ખરો.'

બીજી સવારે ભૂતડો ખેતરે આવ્યો. જોયું તો આખું ખેતર રાતે જ લણી નાખેલું! ભૂતડો કહે, 'મા'ળો રાતેય ઊંઘે છે કે નહિ? મારા તો હાલહવાલ થઈ ગયા — આખા શરીરે ઉઝરડા ને કાપા. પણ બેટાના ડૂંડાં સમેત બધા પૂળા સડાવી દઉં; પછી ઘેર શું લઈ જવાનો, એનું માથું?'

ભૂતડાભાઈ તો પેઠા ગંજીમાં અને કર્યો ગરમાવો. બધા પૂળા ધગી ઊઠયા. એવી હૂંફ થઈ કે ભૂતભાઈને જ નિંદર આવી ગઈ.

ગાડે ઘોડી જોતરીને ઈવાન પૂળા ભરવા આવ્યો. પંજેઠી ખોસી ખોસીને પૂળા ઉપાડવા માંડયા. ભૂતડો પૂળા દબાવી રાખે જેથી પંજેઠી અંદર પેસે જ નહીં! પણ ઈવાને કર્યું જોર તે પંજેઠી પૂળા ભેગી ભૂતડામાં જ પેસી ગઈ. ઈવાને ઊંચી કરી, તો છેડે ભૂતડું અમળાય. 'અલ્યા પાછો આવ્યો? હવે કરું કાયમનો વિદાય!' કહેતાંકને ઈવાને ગાડા ઉપર પછાડવા એને ઊંચો કર્યો.

ભૂતડો કરગરી પડયો — 'ના બાપા, ના મારશો; હું બીજો છું — તમારા મોટાભાઈવાળો. મને છોડી દો; પાછો કદી નહીં આવું; તમારું કંઈ કામેય કરી આપીશ.'

'તું શું કામ કરી આપીશ, ભલા!'

'ગમે તે ચીજના સોલ્જર બનાવી દઉં!'

---

૧. એક જાતનું બરછટ અનાજ. આપણી મસાલાની રાઈ નહીં. – સંપા૦

૨. એ નામનું બરછટ અનાજ. – સંપા૦

'સોલ્જર શું કામ કરે?'

'તમે કહો તે!'

'ગીતાં ગાય?'

'હા, કેમ નહિ? હુકમ કરો કે ગાવા માંડે — ઢોલ-રણશીંગાં સમેત!'

'ઠીક, થોડા બનાવ ત્યારે! ગામની બૈયરોને મજા થશે.'

'એક પૂળો લાવો ને ભણો આ મંતર —

'પૂળા, પૂળા મારો હુકમ —
એક રાડાનો એક સોલ્જર!'

ઈવાને પૂળો લીધો; ને ભણ્યો મંતર. રાડાં પડયાં છૂટાં ને બની ગયાં સોલ્જર: આખી પલટન! રણશીંગાં ને વળી ઢોલ — રમઝટ!

'હવે બાપલા મને જવા દેશો? મેં તમારું કામ કરી દીધું.'

'ના, ના; મારો ડૂંડાંવાળો પૂળો બગડયો! પાછો બનાવી દે. ડૂંડાં વગરનાં ખાલી રાડાંના સોલ્જર બનાવીએ.'

'ઓહો, આ મંતર ભણો એટલે પૂળો પાછો બની જશે —

'સોલ્જર સોલ્જર, મારો હુકમ
પાછા થાઓ પૂળાનાં રાડાં.'

ઈવાને મંતર ભણ્યો એટલે પાછો પૂળો બની ગયો ડૂંડાંવાળો!

ભૂતડો કહે, 'હવે તો છોડશોને બાપલા!'

ઈવાને ઝટ પંજેઠી નીચી નમાવીને ભૂતડાને અણિયાંમાંથી ખેંચી કાઢયું ને કહ્યું, 'જા ભાઈ, નિરાંતે; ભગવાન તારું ભલું કરે!'

બાપરે! ભગવાનનું નામ? સાંભળતાં જ ભૂતડું દાઝવા માંડયું. 'હાયરે!' 'હાયરે' કરતું પેઠું જમીનમાં. જમીન ફાટી ને પડયું ભગદાળું. પાણીમાં જેમ પહાણો પડયો!

ઈવાન ઘેર પાછો ફર્યો તો તરાસ ને તેની વહુ વાળુ કરવા બેઠેલાં.

તરાસે દેવાળું કાઢેલું. લેણદારોને મૂકી બાપને ઘેર છાનો ભાગી આવેલો. ઈવાનને કહે, 'નવો ધંધો કરું ત્યાં લગી તારે ઘેર ધામા! હું ને મારી બૈયર બંને!"

ઈવાન — "રહોને ભાઈ, તમ-તમારે! શી ફિકર છે? કોઠાર ભરેલા છે."

ઈવાન ડગલો કાઢીને બેસી ગયો વાળુ કરવા. તરાસની વહુ ઝપ દઈને ઊભી થઈ ગઈ. 'આ રાંચો તો ગંધાય છે. મારાથી જોડે નહિ બેસાય.'

તરાસ ઈવાનને કહે, 'બહાર વાડામાં ખાવા બેસ; તું બહુ ગંધાય છે.'

ઈવાન — 'બહુ સારું મોટાભાઈ. આ રોટલા લીધા ને ચાલ્યો બહાર; આમેય ઘોડી ચરાવવા ખેતરે જવું જ છે.'

૪

ગોઠિયા કામે લાગ્યા – ૩

બીજે દિ' તરાસવાળો ભૂતડો આવ્યો ખેતરે: ભાઈબંધોને મદદ કરવા. પણ ખેતરે કોઈ હોય તોને! એક ભગદાળું દીઠું. 'મારો ભાઈ-બંધ પેઠો લાગે છે. પણ બીજો ક્યાં?' શોધવા માંડ્યો બીડમાં. ખાડ આગળ બીજાની કપાયેલી પૂંછડી મળી. પણ ભાઈબંધ ક્યાં? રાઈના ખેતરમાં જોયું, તો બીજું મોટું ભગદાળું. 'બીજોય નાઠો લાગે છે. મા'ળા ઈવાનડાએ ભૂંડી કીધી. પણ હું બેયનું વસૂલ કરું ત્યારે ખરો!'

માંડ્યો ઈવાનને શોધવા. ઈવાન ખેતરમાં ન મળે.

ઈવાન ઝાડ કાપવા ગયેલો. તેના ભાઈઓએ કહી દીધેલું, 'ઘરમાં ઝાઝી ભીડ છે. ઝાડ કાપી નવાં ઘર બનાવ, અમે ત્યાં રહીશું.'

ભૂતડું ઝાડ પર ચડી ગયું; ઈવાને ઝાડ કાપ્યું તેને સીધું જમીન પર પડવા ન દીધું: બીજાં ઝાડની ડાળીઓમાં ભેરવી રાખ્યું. ઈવાને ઝટ મોટો વળો કાપ્યો અને ઝાડના થડ નીચે ઘાલીને કર્યું જોર. તરત ઝાડ અમળાઈને નીચે આવ્યું જમીન ઉપર.

ભૂતડે બીજા ઝાડનેય ડાળીઓમાં ગૂંચવ્યું. ઈવાનને ફરી વળો વાપરવો પડયો. આમ ચાલી ભૂતડાની રમત. ઈવાને પચાસેક ઝાડ ધારેલાં; પણ કપાયાં માંડ દશેક! ઈવાન થાકયો; કમર બહુ દુઃખે: ઊભું પણ ન રહેવાય. ઝાડ અધ-કાપ્યું રાખીને પડયો આડો.

ભૂતડાભાઈ ખુશખુશ! 'થાકયો છે બરાબર; હવે કયાં જવાનો છે?' બોલીને એ જ ઝાડની ડાળી ઉપર પોતેય આડા પડયા. નિંદર આવી ગઈ.

પણ ઈવાનને નિરાંત શાની! ઝપ બેઠો થયો ને કેડ મરોડીને વીંઝી કુહાડી. એક જ ઘાએ ઝાડ કડડભૂસ આવ્યું જમીન ઉપર. ભૂતડાભાઈ જાગીને ભાગે તે પહેલાં ચંપાયા ડાળ તળે.

ઈવાન માંડયો ડાળ કાપવા. ભૂતડાભાઈ નીચે તરફડે. 'પાછો આવ્યો ભૂંડા? ના કહેતો હતોને! ઠીક, હવે તારી વલે કરું.' એમ કહીને ઈવાને કુહાડી ઉગામી.

ભૂતડો કરગરી પડયો—'ના મારશો બાપા, હું બીજો છું: તમારા ભાઈ તરાસવાળો.'

'ભલેને બીજો હોઉં; પણ અહીં આવ્યો જ શા સારુ?'

'બાપા, કદી પાછો નહિ આવું; મને એક વાર જવા દો! તમારું કંઈક કામ કરતો જઈશ.'

'તું વળી શું કામ કરવાનો?'

'જુઓ બાપા, તમને પાંદડાંની મહોરો બનાવતાં શીખવાડી દઉં!'

'એ વળી શું? બનાવ જોઉં થોડીક.'

'ના બાપા; તમે જ ઝાડનાં થોડાં પાદડાં હાથમાં લો; અને ફૂંક મારીને મસળવા માંડો !'

ઈવાને ઓકનાં થોડાં પાંદડાં હાથમાં લીધાં. ફૂંક મારીને મસળવા માંડયાં.

તરત હથેળીમાંથી મહોરો ગરવા માંડી : ગોળ-ગોળ, ચકચકાટ !

ઈવાન રાજી રાજી. 'છોકરાંને ચકરડાં રમવાની ખરી મજા પડશે.'

'હવે બાપલા મને ડાળ નીચેથી કાઢોને.'

ઈવાને તરત વળો હાથમાં લઈ ડાળને નીચેથી ઊંચું કર્યું. ભૂતભાઈ કણસતા બહાર નીકળ્યા. સલામ કરીને રજા માગી.

ઈવાને કહ્યું — 'જા ભાઈ નિરાંતે; ભગવાન તારું ભલું કરે !'

બાપરે ! ભગવાનનું નામ ? સાંભળતાં જ ભૂતડું દાઝવા માંડયું. 'હાયરે', 'હાયરે' કરતું પેઠું જમીનમાં. જમીન ફાટી ને પડયું ભગદાળું. પાણીમાં જેમ પહાણો પડયો !

૫

બે ભાઈ રાજા બન્યા

૧

ઘર બંધાઈ રહ્યાં એટલે ભાઈઓ જુદા રહેવા ગયા.

ઈવાન પણ ખેતીનું પરવારી ગયો. તેને વિચાર આવ્યો : 'આવતે પરવને દા'ડે મારા ભાઈઓને બોલાવું ઉજાણી કરવા !' તૈયારી કરીને ગયો ભાઈઓને નોતરું દેવા.

ભાઈઓ કહે — 'તમો ખેડૂની વળી ઉજાણી કેવી ? અમે નહિ આવીએ.'

ઈવાને પછી નોતર્યાં પાંચ-દશ પડોશીઓને. બધાંએ ખૂબ ખાધું ને ખૂબ પીધું.

ઈવાનભાઈને તાન ચડયું: દોડયો શેરીમાં. બૈયરો કૂંડાળું વળીને ગાય. ઈવાન કહે, "મારાં ગીતાં ગાઓ, તો કે' દિ ન દેખી હોય એવી ચીજ આપું!"

બૈયરો હસી પડી. માંડી ગીતો ગાવા. ઈવાનનાં સ્તો. ઈવાનભાઈ ખુશ ખુશ.

બૈયરો કહે, 'હવે આપ લહાણું: ગીતાં ગવરાવ્યાં તેનું!'

ઈવાન — 'અબઘડી લાવી દઉં.' કહેતોકને ઊપડયો ટોપલો લઈને ખેતરે.

બૈયરો મરકીને કહે — 'એ ગમાર શું આપવાનો'તો!'

પણ થોડી વારમાં આવ્યો એ તો પાછો. માથે મોટો ટોપલો: ખચોખચ ભરેલો.

"અલ્યાં લેતાં જાઓ, લેવાય એટલું!" કહીને ઈવાને ભર્યો ખોબો. ઉછાળ્યો બૈરાં ભણી. નકરી સોનાની મહોરો!

બૈરાં કરવા મંડયાં ઝૂંટાઝૂંટ! ઈવાન ખડખડ હસે. માટીડા પણ આવ્યા દોડતા. માંડી લૂંટાલૂંટ! એક ડોસલી ચગદાઈ મરવાની થઈ.

ઈવાન કહે — "થોભો! થોભો! ડોસીમાને શાને ચગદી મારો? લો આ બીજી" કહીને ઉછાળી ફરી વાર. બધાં માગે ને ઈવાન ઉછાળે! ટોપલો થયો ખાલી. બૂમાબૂમ મચી! ઈવાન કહે — "બીજી વેળા લાવીશ મનમાની! હમણાં ગીતાં ગાઓ પાછાં."

બૈયરોએ માંડયું ગાવા. ઈવાન કહે, "આવું કેવું ગાઓ છો? મજા પડતી નથી!"

બૈયરો કહે — "મજાનું ગાવાનું વળી કેવું હોય?"

"હમણાં બતાવું છું કેવું હોય!" કહેતોકને ઇવાન ઊપડયો ખેતરે. ઓઘામાંથી ખેંચી કાઢયો પૂળો. પછી ભણ્યો મંતર. પૂળાનાં રાડાં પડયાં છૂટાં: એક એક રાડાનો એક એક સોલ્જર! રણશીંગાં ને વળી ઢોલ! ઈવાન આવ્યો ગામમાં. પાછળ આખી પલટન! ઈવાને કર્યો હુકમ: "વગાડો ઢોલ, ફૂંકો રણશીંગાં ને ગાઓ રૂડાં ગીત!"

પલટન મંડી ગાવા. ઢોલ-રણશીંગાંની રમઝટ. લોકો જોવા ટોળે વળ્યા. 'આવું તો કે'દિ નો'તું દીઠું.' બધે ઈવાનની વાહવાહ!

પછી ઈવાન પલટનને લઈ ગયો ખેતર ભણી. કહે, 'મારી પાછળ કોઈએ ન આવવું!' ખેતરે જઈ ભણ્યો મંતર. થઈ ગયાં પાછાં રાડાં. પૂળા બાંધી નાખ્યા ઓઘામાં.

ઘેર આવીને સૂઈ ગયો — કોઢમાંસ્તો.

૨

સાઈમને વાત સાંભળી. દોડયો ઈવાનને ઘેર. "તું સોલ્જર ક્યાંથી લાવ્યો? પાછા ક્યાં મૂકી આવ્યો?"

"તમારે શું, મોટાભાઈ? એ તો બૈયરોને કરાવી થોડી મજા."

"મા'ળા ગમાર! સોલ્જર હોય તો રાજ કરાય — રાજા બનાય!"

ઈવાન કહે — "હેં? ખરી વાત? મોટાભાઈ, મને પહેલાં કેમ ના કહ્યું? હજી તમારે જોઈતા હોય તો હવણાં બનાવી દઉં!"

"તો ચાલને, મારે બહુ બધા જોઈએ!"

"ચાલો મોટાભાઈ, ખેતરે. મેં ને ગૂંગીએ પૂળા ઝૂડી રાખ્યા છે: જોઈએ તેટલા!"

સાઈમન ને ઈવાન પહોંચ્યા ખેતરે. ઈવાન પૂળો કાઢે ને ભણે મંતર. રાડાં થાય છૂટાં ને બની જાય સોલ્જર! થોડી વારમાં ખેતર ભરાઈ ગયું — નર્યા સોલ્જર, સોલ્જર!

સાઈમન — "બસ ભાઈ બસ; આટલા તો ઘણા!"

ઈવાન — "પણ મોટાભાઈ, લઈ જાઓ આ બધાને બીજે કંઈ: અહીં ના જોઈએ! એવડા બધાને ખવડાવવું ક્યાંથી? ફરી જોઈએ તો પાછા આવજો — ઘણાય બનાવી દઈશ. ઓણ સાલ બહુ પૂળા ખડક્યા છે."

પછી સાઈમન કોની રાહ જુએ! એ તો લશ્કર લઈને ઊપડયો રાજ જીતવા.

૩

પછી તરાસભાઈ આવ્યા ઈવાન પાસે. કહે — "અલ્યા તું એટલી બધી સોનામહોરો ક્યાંથી લાવ્યો? બધી જ બૈયરોને વહેંચી દીધી? મને આપી હોત, તો હું કેટલું બધું કમાઈ લાવત!"

"ખરેખર? તમારે એ ચકરડાં જોઈએ છે? પહેલેથી કેમ ના કહ્યું? હજુય શું બગડયું છે! ચાલોને મારી જોડે ખેતરે — તમે કહેશો તેટલાં બનાવી દઈશ."

"ત્રણ ટોપલા ભરીને આપે તો ઘણીય."

"તો મોટાભાઈ, ઘોડી જોતરીને ગાડું લઈ જઈએ. ત્રણ ટોપલા માથે શી રીતે લવાશે?"

ગાડું લઈને ઊપડયા બંને ખેતર તરફ. ઈવાન ઓકનાં પાંદડાં તોડીને લાગ્યો મસળવા. નરી મહોરો ને મહોરો! ઢગલો થયો. તરાસભાઈ ખુશખુશ.

"આટલી બહુ છે." છેવટે તરાસ બોલ્યો.

"ભલે મોટાભાઈ, ફરી જોઈએ તો આવજો મારી પાસે. ઝાડ ઉપર હજુ પાંદડાં ઘણાં છે."

તરાસ પણ મહોરો લઈને વેપાર કરવા ઊપડી ગયો.

આમ બે ભાઈ રવાના થઈ ગયા: સાઈમન લડવા માટે અને તરાસ વેપાર કરવા. સાઈમન રાજ જીતીને રાજા થયો; અને તરાસ વેપાર ખેડીને શાહ-સોદાગર બન્યો.

થોડા વખત બાદ બંને ભાઈ ભેગા થયા. સાઈમને રાજ મેળવ્યાની વાત કરી અને તરાસે ધન મેળવ્યાની.

પણ સાઈમન કહે — "ભાઈ, મારી પાસે રાજ મોટું ને લશ્કર પણ મોટું. ચારે બાજુ હાક વાગે ને રહું પણ ઠાકમાઠમાં. પરંતુ ખજાનો ખાલી ખાલી: એવડા લશ્કરને જોગવવું શી રીતે?"

તરાસ બોલ્યો — "ભાઈ, મારે ખજાના છલકાય — પણ લૂંટાવાનો ભો ભારે. સોલ્જરો ક્યાંથી લાવું?"

બંનેએ કરી સંતલસ : 'ઈવાન પાસે જઈએ!'

સાઈમન કહે, 'હું સોલ્જર માગીશ, અને તું મહોરો માગજે. સોલ્જર હું તને આપી દઈશ, ને મહોરો તું મને આપી દેજે!'

'ખરી વાત!' બંને પધાર્યા ઈવાનને ઘેર.

સાઈમન કહે — "ઈવાન, મારે થોડા વધારે સોલ્જર જોઈએ; બનાવી આપ!"

ઈવાને ડોકું ધુણાવ્યું : 'હવે કદી ના બનાવું!'

'કેમ વળી, તેં કહ્યું તો હતું કે ફરી જોઈએ તો આવજો!'

'હા, પણ સોલ્જર તો મનીખને મારી નાખે છે. હું તો જાણ-તો'તો કે, ગીતાં ગાય ને ઢોલ જ વગાડે!'

"અલ્યા મૂરખ, સોલ્જર ઢોલેય વગાડે ને લડેય ખરા. તું શું સમજે? રાજ કરવું એ કંઈ છોકરાંના ખેલ છે? લડવું તો પડે જ. માટે બનાવી દે થોડાક — ખેતરમાં રાડાં ઘણાંય છે!"

"ના, ના, સોલ્જર હવે કદી ના બનાવું. કાલે એક બૈયર જોઈ — ગાડામાં મડદું નાખીને જતી'તી. કેવી રડે? ચોધાર! મેં પૂછ્યું — 'કેમ રડે છે બહેન?' તેણે કહ્યું — 'સાઈમનના સોલ્જરોએ મારા ધણીને મારી નાખ્યો : લડાઈમાં.' હવે બાપડી શું કરશે?"

સાઈમને મોં મચકોડ્યું.

પછી તરાસભાઈ બોલવા લાગ્યા — "ભાઈ, મને થોડીક વધુ મહોરો બનાવી દે; મારે ખૂટે છે."

ઈવાન કહે — "ના, ના! મહોરો પણ હવે ન બનાવું."

"પણ કેમ? તેં તો કહ્યું'તું કે, બીજી જોઈએ તો માગજો."

"હા, પણ હું જાણતો'તો કે એ ગોળ ચકરડાં રમવા માટે હોય. પણ કાલે માઈકલની છોડીની ગાય એ ચકરડાં આપીને લઈ ગયા!"

"કેવી રીતે?"

"રીત વળી કેવી? ત્રણ ચકરડાં આપ્યાં ને ગાય ઉઠાવી ગયા! એ છોડીનાં છોકરાં મારે ત્યાં દૂધ માગવા આવ્યાં. મેં કહ્યું — 'તમારે

ગાય છેને.' તેમણે કહ્યું, 'અમારી ગાય તો તરાસ-બાબાનો મુનીમ લઈ ગયો.' મેં પૂછયું—'શા માટે લઈ ગયો?' તેમણે કહ્યું—'મુનીમે મમ્માને ત્રણ મહોરો આપી એટલે મમ્માએ એને ગાય લઈ જવા દીધી.' પણ મહોરો આપીને છોકરાંની ગાય લઈ જાય, એ વળી કેવું? મારે એવી મહોરો નથી બનાવવી."

"પણ અલ્યા મૂરખ, મહોરો આપીને બધું મળે: ગાય, ઘોડા, જમીન, મકાન, દાણા—બધું જ! તું સમજતો કેમ નથી?"

"એમાં શું સમજવાનું વળી! મહોરો તો ચકરડાંની પેઠે રમવા માટે હોય; એ આપીને છોકરાંની ગાય શી રીતે લઈ જવાય? પછી છોકરાં દૂધ કયાંથી પીવે?"

બંને ભાઈ મોં મચકોડીને ચાલતા થયા. 'મા'ળો મૂરખ કશું સમજતો જ નથી!' પછી સાઈમને તરાસને કહ્યું—"હું તને અડધું રાજ અને અડધા સોલ્જર આપી દઉં; તું મને તારી અડધી મહોરો આપી દે. તારુંય કામ થશે ને મારું પણ!"

તરાસને એ વાત ગળે ઊતરી. આમ બંને ભાઈ પોતાનું અડધું અડધું વહેંચીને રાજા બન્યા: લશ્કરવાળા ને ખજાનાવાળા!

માત્ર ઈવાન જ રહ્યો ખેડૂત—ગમાર!!

૬

ઈવાન પણ રાજા બન્યો!

ત્રણ ભાઈમાંથી એક ઈવાન જ ગામમાં બાકી રહ્યો: ગૂંગી સાથે ખેતર ખેડતો ને મા-બાપની ચાકરી કરતો!

એક દિ' વાડાવાળી કૂતરી માંદી પડી. મરવા જ પડી, કહોને.

બહેન પાસે રોટલા માગી, ટોપામાં ઘાલી, ઈવાન દોડયો વાડામાં. કૂતરીના મોં આગળ ટોપો ઠાલવી દીધો. રોટલા ભેગું ભૂતડાવાળું એક મૂળિયુંય નીકળી પડયું, તે પણ કૂતરી રોટલા ભેગું ચાવી ગઈ.

આ શું? મૂળિયું પેટમાં પહોંચતાં જ કૂતરી ઝટ દઈને ઊભી થઈ. માંડી નાચવા ને કૂદવા!

ડોસો-ડોસી પૂછે—'અલ્યા શું કર્યું તે કૂતરી સાજી થઈ ગઈ?'

ઈવાન કહે—'ભૂતડાએ બે મૂળિયાં આપ્યાં'તાં તે મેં ટોપામાં રાખ્યાં'તાં. એક મૂળિયું રોટલાભેગું કૂતરી ચાવી ગઈ, એટલે સાજી થઈ ગઈ! ભૂતડાએ કહ્યું'તું એ મૂળિયાં ગમે તે રોગ મટાડે!'

એ દેશના રાજાને એકની એક દીકરી. રાજાને બહુ વહાલી. પણ માંદી પડી તે સાજી જ ન થાય. બહુ બહુ હકીમ આવ્યા ને ગયા. બહુ બહુ ઓસડિયાં પિવડાવ્યાં ને ખવડાવ્યાં. કશું ન વળે!

રાજાએ ઢંઢેરો પિટાવ્યો: જે કુંવરીને સાજી કરે, તેને ઇનામ આપું: કુંવારો હોય તો કુંવરી જ દઈ દઉં!'

ઢંઢેરો પહોંચ્યો ઈવાનના ગામમાં. ડોસો-ડોસી કહે—'અલ્યા સાંભળ્યું? રાજાની દીકરી માંદી છે; તારું પેલું મૂળિયું લઈને જઈ પહોંચ! આખી જિંદગીની નિરાંત થઈ જશે!'

ઈવાન કહે—'ખરી વાત. મૂળિયું બધા રોગ મટાડે.'

ડોસા-ડોસીએ સારાં કપડાં પહેરાવી ઈવાનને કર્યો તૈયાર; પોતેય સાથે જ જવાનાં!

ઈવાનભાઈ રાજાને ત્યાં જવા ઘરમાંથી નીકળ્યા કે સામી મળી એક બુઢ્ઢી ભિખારડી. એક હાથ છેક લૂલો. ઈવાનને કહે—'તું ગમે તે રોગ મટાડે છે, તો મારો હાથ સાજો કરી દે! કશું કામ થતું નથી.'

ઈવાને ઝપ દઈને મૂળિયું કાઢયું ને બુઢ્ઢીને ખવરાવી દીધું. પેટમાં પહોંચ્યું કે હાથ લાગ્યો હાલવા! બુઢ્ઢી દુઆ દેતી વિદાય થઈ.

ડોસો-ડોસી તડૂક્યાં—'હવે શાના વડે રાજાની કુંવરીને સાજી કરીશ? ભિખારડીની દયા લાવ્યો, પણ રાજાની દીકરીનું શું થશે?'

ઈવાન કહે—'ખરી વાત. રાજાની દીકરીનું શું થશે? જઉં ખબર કાઢવા.'

જોતર્યું ગાડું ને બેઠો હાંકવા.

ડોસો-ડોસી કહે — 'હવે ક્યાં જાય?'

'રાજાને ઘેર!'

'મૂરખ, મૂળિયું તો છે નહિ, — કુંવરીને શું ખવરાવીશ, તારું માથું?'

'મૂળિયું નથી; પણ કુંવરી તો છેને! ખબર કાઢવા જવામાં શું આપવું-લેવું છે?'

ઈવાન પહોંચ્યો રાજાને ગામ. ગાડું છોડીને પેઠો રાજાના મહેલમાં.

પણ આ શું? મહેલનું પગથિયું ચડયો કે કુંવરી થઈ ગઈ સાજી. અંદર પેઠો ને કુંવરી માંડી કૂદવા!

રાજાએ સાંભળ્યું ને તરત ઈવાનને પાસે બોલાવ્યો. કપડાં બદલાવી પહેરાવ્યાં નવાં.

રાજા કહે — 'મારી દીકરી તને પરણાવું; તેં જિવાડી.'

ઈવાન કહે — 'જેવી મરજી.'

ધામધૂમથી લગન થયું.

થોડા દહાડા પછી રાજા મરી ગયો, એટલે ઈવાનભાઈને બેસાડયા ગાદીએ.

આમ ત્રણે ભાઈ રાજા બન્યા: સાઈમન, તરાસ ને ઈવાન!

૭

ત્રણ રાજાનો રાજ-કારભાર

૧

ત્રણે ભાઈ મંડયા રાજ કરવા:—

મોટા સાઈમને રાજમાં હુકમ કાઢયો: 'દશ ઘર દીઠ એક જુવાન આપો — લશ્કરમાં ભરતી થવા. ઊંચો હોય ને તગડો!'

પછી સાઈમને બધાને તાલીમ આપી; બધાને હથિયાર આપ્યાં. બધા બરકંદાજ! રાજાને જે ગમે તે પડાવી લાવે — ઝૂંટવી લાવે. આખું રાજ રાજાનું — રાજા સાઈમન ઝીંદાબાદ!

૨

રાજા તરાસ બહુ હોશિયાર. તેની પાસે અઢળક ધન: ઈવાને આપેલું ને પોતે ભેગું કરેલું. તિજોરીઓ નાણાંથી ફાટી પડે! કાઢ્યો હુકમ — 'રાજના બધા લોકો વેરો ભરે! હેડિયાવેરો – રસ્તે ચાલવાનો વેરો – ગાડું-ગાડી હાંકવાનો વેરો – જોડા પહેરવાનો વેરો – મોજાં પહેરવાનો વેરો – કપડાં પર ઝૂલ મૂકવાનો વેરો. વેરો ભરવાનો નગદ – રોકડથી.' ચલણ બધું તરાસ પાસે. લોકોને કર ભરવા ચલણ જોઈએ તો આવે તરાસ પાસે: દાણા આપે, બળતણ આપે, કપડાં આપે, ચાકરી કરે કે નોકરી કરે – તરાસની સ્તો.

ખરી અક્કલ – ખરી ચતુરાઈ! રાજા પાસે નગદ ચલણ. પ્રજા પાસે માલ ને ચાકરી. રાજાને વેરો ભરવા ચલણ જોઈએ: તો આપી દો માલ કે કરો ચાકરી!

રાજા તરાસના કોઠાર માંડ્યા છલકાવા; માલસામાન પણ અઢળક; નોકર-ચાકર મનમાન્યા!

૩

ઈવાન તો મૂરખ-રાજ! સસરો મરી જતાં ઉતારી નાખ્યો મુગટ; ઉતારી નાખ્યા જામા. બધું આપી દીધું રાણીને – 'મૂકી દો ભંડારમાં. મને નથી ગોઠતું. એ પહેરીને કામ શેં થાય? બધું લફર-ફફર! મારે તો ટૂંકાં જાડાં ભલાં – પહેલાં હતાં તે સ્તો!' જૂનાં કપડાં પહેરીને ઈવાન માંડ્યો કામ કરવા – 'મને ભૂખ નથી લાગતી; મને ઊંઘ નથી આવતી – જાડો થઈ ચાલ્યો – બેઠાં બેઠાં.'

બોલાવી લીધાં ડોસા-ડોસીને; બોલાવી લીધી ગૂંગીને, ને માંડ્યા ખેતી કરવા.

લોકો કહે – 'રાજા છો, ખેતી શાને કરો?'

ઈવાન કહે – 'રાજાનેય ખાવું તો પડેને?'

વજીરે આવીને કહ્યું – 'રાજાજી, પગાર આપવા નાણાં નથી.'

ઈવાન કહે – 'તો ન આપતા!'

'ન આપીએ તો પછી નોકરી નહિ કરે – ચાકરી નહિ કરે!'

'ભલે ન કરે; એમનું પોતાનું કામ તો કરશેને! ગાડાં ભરીને ખેતરોમાં ખાતર ભરશે, ઝૅડાં-ઝાંખરાં — કૂડો-કચરો સાફ કરશે, ધાન પકવશે ને ખાશે!'

લોકો રાજા પાસે ફરિયાદો લઈને આવે: એક જણાએ કહ્યું – 'પેલો મારા પૈસા પાછા નથી આપતો!'

ઈવાન કહે – 'એની પાસે નહિ હોય; અથવા એને પોતાને એ પૈસાની જરૂર હશે, પછી તને શી રીતે – ક્યાંથી આપે?'

બીજાએ કહ્યું – 'પેલો મારું ચોરી ગયો.'

ઈવાન કહે – 'એને જોઈતું હશે તે લઈ ગયો.'

લોકો જાણી ગયા ને કહેવા લાગ્યા કે, 'રાજા તો મૂરખ છે – છેક ગમાર!'

રાણી આવી રાજા પાસે, 'લોકો તમને મૂરખ કહે છે – ગમાર કહે છે.'

'ભલે કહે. એમને એમ લાગતું હશે!'

રાણી વિચારમાં પડી ગઈ. પણ તેય મૂરખ હતી. તેણેય નક્કી કર્યું – જ્યાં સોય પેસે ત્યાં જ દોરો જાય. મારેય રાજા કરે એમ જ કરવું!'

તરત બદલી નાખ્યાં કપડાં. પહેર્યાં જાડાં – કામ કરનારીનાં. ગૂંગી નણંદ પાસે પહોંચી ને શીખવા માંડી કામકાજ. બની ગઈ પાવરધી ને મદદ કરવા લાગી ઈવાનને – ખેતરમાં સ્તો.

મૂરખના રાજમાંથી ડાહ્યા થઈ ગયા વિદાય. ગમાર હતા તે જ રહ્યા: કોઈની પાસે નાણાં નહિ, બધા કામકાજ કરે, પેદા કરે ને ખાય.

૮

બુઢ્ઢો સેતાન કેડ બાંધે છે

બુઢ્ઢો સેતાન ચિંતામાં પડી ગયો : પેલાં ત્રણ ભૂતડાં પાછાં કેમ ન આવ્યાં? ત્રણે ભાઈઓ વચ્ચે ઝઘડો કરાવ્યો કે નહિ? કશા સમાચાર કેમ નથી?

થાકીને શોધવા નીકળ્યો. ત્રણે ભૂતડાં લા-પતા! બહુ મથ્યો ત્યારે ત્રણ ભગદાળાં જડયાં. "જરૂર મારાં ભૂતડાંને કાંક થયું; નહીંતર આ ભગદાળાં શાનાં?"

સેતાન હવે ચાલ્યો ત્રણ ભાઈઓને શોધવા. ખબર મળી કે ત્રણે ભાઈ તો રાજા બન્યા છે : જુદાં જુદાં રાજયના! ખાય – પીએ – મજા કરે.

બુઢ્ઢા સેતાનને ચડી રીસ : 'મારે તો એમને લડાવી મારવા'તા; પણ એ તો થઈ બેઠા રાજા! હવે શાના લડે? માટે પરથમ રાજ વગરના કરું, પછી વાત!'

૧

સેતાન પહોંચ્યો સાઈમનના રાજમાં : સેનાપતિ બનીને. રાજાને કહે – 'તમે બહુ બહાદુર ને જબરા. મને નોકરીએ રાખો, તો કરી દઉં તમારા લશ્કરનેય જબરું. પછી નીકળીએ જીતવા – બધાં રજવાડાંને!'

સાઈમન તેની વાત સાંભળી થયો રાજી રાજીના રેડ! 'બોલ, શું કરવાનું છે?'

"પહેલું લશ્કર મોટું બનાવીએ. માટે કરો હુકમ : 'રાજના જુવાન સઘળા થઈ જાય ભરતી. કોઈ બાકી ન રહે.' એટલે થશે લશ્કર પાંચ-ગણું!"

"પછી હું બનાવીશ બંદૂકો ને નવી જાતની તોપો : બંદૂકમાંથી એકીસાથ સો ગોળીઓ છૂટે; ને તોપોમાંથી એવા તો ગોળા છૂટે કે માણસ, ઘોડા, કિલ્લા સમેત બધું સાફ !"

સાઈમન રાજાને વાત ગળે ઊતરી. તેણે કર્યો હુકમ : 'રાજના જુવાન બધા લશ્કરમાં ભરતી થાય.' પછી ઊભાં કર્યાં મોટાં કારખાનાં. નવી બંદૂકો ને નવી તોપો; વળી દારૂ-ગોળાના ઢગેઢગ.

પછી કરી ચડાઈ પડોશના રાજા ઉપર. સાઈમનની તોપો ફૂટી કે રાજાનું અડધું લશ્કર સાફ ! બિચારો એવો બીન્યો કે આવી ગયો શરણે.

સાઈમન ખુશ ખુશ ! 'હવે જીતીએ ભારતી રાજાને !'

ભારતી રાજાએ વાત સાંભળી. એણેય લશ્કર વધારવા માંડયું. 'બધા જુવાનો ભરતી થાય અને બધી કુંવારી જુવાનડીઓ પણ !' લશ્કર થયું સાઈમન કરતાંય મોટું. પછી ઊભાં કર્યાં મોટાં કારખાનાં. સાઈમન જેવી જ તોપો – બંદૂકો અને દારૂગોળો બને. પાછી સાધવા માંડી આકાશમાં ઊડવાની કરામત : ઉપરથી જ બંબગોળા વરસાવાય !

સાઈમન રાજાનું લશ્કર ચડી આવ્યું : 'ચપટીમાં ભારતી રાજાને રોળી નાખીએ !'

ભારતી રાજાએ પહેલાં જ મોકલી જુવાનડીઓને આકાશમાં : બંબગોળા વરસાવવા. સાઈમનના લશ્કરનો વળી ગયો કચ્ચરઘાણ. આખું રાજ ભારતી રાજાને કબજે.

સાઈમન નાઠો મૂઠીઓ વાળીને.

૨

હવે તરાસ રાજાનો વારો ! સેતાન બન્યો શાહ-સોદાગર. મોટી દુકાન – મોટી વખાર. 'લાવો, જેને વેચવું હોય તે : રોકડાં નાણાં ગણી લો !' લોકો દોડયા ચીજો લઈને. મોટી કિંમત મળે. લોકો ખુશખુશ, ભરી દીધા તરાસ રાજાના વેરા : આગલા પાછલા બધા ! રાજા પણ ખુશ. તિજોરી છલકાવા માંડી.

રાજાએ નવો મહેલ બંધાવવા માંડ્યો : 'લક્કડ લાવો, પથ્થર લાવો, ચૂનો લાવો! કડિયા આવે, મજૂર આવે, સુથાર આવે! મોટો પગાર આપું, વધારે ભાવ આપું!'

પણ આ શું? કોઈ લક્કડ લાવતું નથી, કોઈ પથ્થર લાવતું નથી – કશું જ આવતું નથી, કોઈ આવતું નથી. સેતાનેય મોટું મકાન બંધાવવા માંડેલું. ખૂબ કિંમત આપે, મોટો પગાર આપે. બધા ત્યાં જ જાય – માલ વેચવા, મજૂરી કરવા!

રાજાએ ભાવ વધાર્યો – પગાર વધાર્યો. 'હવે તો આવો, હવે તો લાવો!'

સેતાને એનાથીય વધુ ભાવ વધાર્યો ને પગાર પણ!

રાજા પાસે તિજોરી છલકાય : એણેય ભાવ વધાર્યો, પગાર વધાર્યો.

પણ સેતાન પાસે અઢળક નાણાં. તેણે રાજા કરતાંય વધારે ભાવ આપવા માંડ્યો, ને પગાર પણ.

લોકો તેને જ માલ વેચે, તેને ત્યાં જ મજૂરી કરે. ખૂબ પૈસા કમાય ને રાજાના વેરા ભરે. રાજાને વેરા મળે; પણ મજૂર નહિ, માલ નહિ! રાજાનો મહેલ રહ્યો અધૂરો.

રાજાએ મોટો બગીચો દોર્યો. પછી મંગાવ્યા છોડ – મંગાવ્યાં બી – મંગાવ્યા રોપા – બોલાવ્યા મજૂરો. 'ભારે કિંમત, મોટો પગાર!'

પણ કોઈ આવે તોને! સેતાને બંધાવવા માંડ્યો પાણીનો મોટો કુંડ. બધા મજૂરો ત્યાં – બધો માલ ત્યાં!

આવ્યો શિયાળો. રાજાને રૂંછાંવાળો ડગલો જોઈએ. 'લાવો ચામડાં – રુવાંટીવાળાં. કિંમત રોકડી!'

કોઈ રાજાને ન વેચે. સેતાન બધાં ખરીદી લે. ડગલા બનાવરાવે ને પાથરણાં. બધા ઓરડા મઢી દીધા – રૂંછાળાં ચામડાંથી. રાજાને ડગલા માટે એક પણ મળ્યું નહિ!

રાજાને ઘોડા જોઈએ. એકે ન મળ્યો. 'ક્યાં ગયા બધા ઘોડા?'

'સોદાગરના કુંડમાં પાણી વહી લાવવા!'

રાજાને ચડયો ગુસ્સો: 'બધું જ સોદાગરને ત્યાં – બધા જ સોદાગરને ત્યાં – એ વળી કેવું?'

પણ કોઈ રાજાને ત્યાં શાના આવે? સોદાગર ખૂબ નાણાં ચૂકવે. લોકો રાજાના વેરા ભરી દે; પછી રાજા બીજું શું માગે? 'કામ ગમે ત્યાં કરીએ; માલ ગમે તેને વેચીએ. તમારે શું? વેરા લેતા પરવારો, બીજી શી પંચાત?'

રાજાના બધા કોડ રહ્યા અધૂરા. પછી તો નોકરો, રસોઈયા, કોચમૅન, માળી બધા જ થયા ચાલતા. સોદાગર ખૂબ પગાર આપે. રાજાને તો ખાવાનુંય ખૂટયું! બધું સોદાગર ખરીદી લે. રાજાને વેરા મળે – બીજું કાંઈ નહિ! તિજોરી ભરચક, પણ વસ્તુ એકે નહિ!

રાજાએ સોદાગરને કર્યો દેશનિકાલ. પણ બેઠો સીમાડા ઉપર! ત્યાંથી માંડયો વેપાર – ત્યાંથી શરૂ કર્યો ધંધો. લોકો ત્યાં જાય – થોડેક દૂર. રાજા પાસે કોઈ આવે નહિ.

તરાસ રાજાને ખાવાનાય ફાકા! કશું ન મળે. કોઈ ન વેચે. સોદાગર બડાશ મારે – 'હવે તો રાજાનેય ખરીદી લઈશ – રાજ સમેત. કયાં જવાનો છે? ખાશે શું? કયાંથી લાવશે?'

તરાસને થવા માંડી ફિકર. 'હવે શું થશે?' એટલામાં આવ્યો સાઈમન કકળતો – 'મારું રાજ ભારતી રાજાએ લઈ લીધું. મને મદદ કર!'

તરાસે કહ્યું – 'હું જ બે દહાડાથી ખાવા નથી પામ્યો. તને શી મદદ કરું?'

૯

મૂરખરાજ!

૧

સેતાન હવે રાજી રાજી! "બે ભાઈને ઠેકાણે પાડી દીધા–હવે ત્રીજાનો વારો! ત્રીજો તો છે ગમાર–એને ઠેકાણે પાડતાં શી વાર!"

સેતાને લીધો સેનાપતિનો વેશ. રાજાને આવીને કહે–'નામદાર, આપ બહુ મોટા રાજા છો, લશ્કર વિના કેમ ચાલે? હુકમ કરો, અબઘડી ભરતી કરી દઉં!'

ઈવાન કહે–'ભલે, કરો લશ્કર ભેગું. ઢોલ વગાડે, રણશીંગાં ફૂંકે, ગીતાં ગાય–મને તો બહુ ગમે!'

સેતાન ફરી વળ્યો રાજમાં: "બધા ભરતી થાઓ–રાજાના લશ્કરમાં. દરેકને મળશે માથે લાલ ટોપો ને ખાવાનું-પીવાનું મફત..."

લોકો હસવા લાગ્યા. 'ખાવાનું-પીવાનું અમારી પાસે ઘણું છે. ને ટોપા તો અમારી બૈયરો જોઈએ તેવા બનાવી દે છે!'

કોઈ ભરતી ન થયું.

સેતાન આવ્યો ઈવાન પાસે. 'રાજાજી, લોકો મૂરખ છે; ભરતી નથી થતા. કાઢો હુકમ–ભરતી ન થાય તેને ઠાર મારીશું!'

ઈવાન કહે–'ભલે, કાઢો હુકમ: ભરતી થાઓ, નહીં તો ઠાર મારીશું.'

લોકો આવ્યા સેતાન પાસે. કહેવા લાગ્યા–'રાજાજીનો હુકમ કે ભરતી થાઓ નહીં તો ઠાર મારીશું. પણ ભરતી થઈએ તોય મરવાનું ખરું જ ને? કહે છે કે, લડવા જાય તે જીવતો પાછો ન આવે!'

સેતાન કહે, "લડાઈમાં થોડા ઘણા મરે પણ ખરા; તેમાં તમારે શું? રાજાજીનો હુકમ છે તે ભરતી થઈ જાઓ!"

લોકો ગૂંચાયા. 'જઈએ તોય મરવાનું; ન જઈએ તોય મરવાનું. તો ઘરબેઠાં મરવાનું શું ખોટું? બીજાને મારવા તો ન પડે!'

સેતાન તડૂકયો – 'મૂરખાઓ છો મૂરખા! લડાઈમાં તો થોડાક જ મરે; પણ ભરતી નહિ થાઓ તો રાજાજી બધાને મારી નાખશે!'

લોકો દોડયા ઈવાન પાસે. 'રાજાજી, સેનાપતિ કહે છે કે લશ્કરમાં ભરતી થાઓ તો થોડાક જ મરશો; પણ નહીં ભરતી થાઓ, તો રાજાજી બધાને મારી નાખશે – ખરી વાત?'

ઈવાન માથું ખંજવાળીને કહે, 'હું એકલો તમને બધાને શી રીતે મારી નાખવાનો હતો? તમે જ કહો, ભલા. હું તો છું મૂરખ, એટલે બરાબર સમજાવતાં નથી આવડતું. પણ તમે જ કહોને, હું એકલો તમને બધાને શી રીતે મારી નાખવાનો હતો?'

લોકો સમજી ગયા. તેમણે સેતાનને કહી દીધું – 'અમે ભરતી નહિ થઈએ!'

૨

સેતાન થાકયો. આવ્યો વંદારાજાના રાજમાં. રાજાને કહે, 'રાજાજી, કરો લશ્કર સાબદું, અને ચડાઈ કરો ઈવાન રાજા ઉપર. રોકડ નહિ મળે, પણ અનાજ ખૂબ, ઢોર-ઢાંખ ખૂબ, ઝાડ-પાલો ખૂબ. લીલાલહેર થઈ જશે!'

વંદારાજાને ચડયું શૂર: તૈયાર કર્યું લશ્કર અને ચડી ગયો ઈવાનના રાજ પર.

સરહદે પહોંચી નાખ્યો પડાવ; અને મોકલ્યા જાસૂસોને ભાળ કાઢવા: ઈવાનનું લશ્કર કયાં છે – કેટલું છે.

જાસૂસો દૂર દૂર ફરી વળ્યા. પણ લશ્કરનું નામ નહિ – નિશાન નહિ. વંદારાજાએ આપ્યો હુકમ, 'કરો હુમલો, ને પેસો રાજની અંદર!'

વંદારાજાનું લશ્કર પેઠું પહેલા ગામમાં. ગામનાં મનીખ ઘર બહાર નીકળી સોલ્જરોને ભાળવા લાગ્યાં.

સોલ્જરો માંડયા લૂંટવા : અનાજ, ઢોરઢાંખ, બધું. લોકો કહે. ‘બાપડાઓ પાસે કશું નથી; ભલે લઈ જાય!’ ઉપરથી સોલ્જરોને કહે, ‘તમારા મુલકમાં ન હોય તો આવોને અમારા મુલકમાં; રહો અમારી ભેળા !’

સોલ્જરો પહોંચ્યા બીજા ગામમાં. ત્યાં પણ એ જ વાત. કોઈ સામું ન થાય, ઉપરથી પોતાની ભેગા રહેવા આવવાનું કહે !

એક દિવસ. બે દિવસ. પછી તો સોલ્જરો કંટાળ્યા. વંદારાજા પાસે આવીને કહે, ‘અહીં શું કરવાનું છે? કોઈ લશ્કર નથી, કોની સામે લડીએ? લોકોય સામે થતા નથી. ખાલી હવામાં તલવાર શે વીંઝાય? અમને તો ક્યાંક લડવાનું હોય ત્યાં લઈ જાઓ, અહીં નહીં !’

રાજા વાત સાંભળી ભભૂકી ઊઠયો : “અરે, બાળી નાખો ગામડાં; કાપી નાખો ઢોર; બધું કરી દો સફાચટ! શાનાં રોદણાં રડવા આવ્યા છો ?”

સોલ્જરો ધસી ગયા : બાળવા માંડયાં ઘર, કાપવા માંડયાં ઢોર, સળગાવવા માંડયા પૂળાના ઓઘા.

લોકો ત્રાસી ગયા. ડોસા રડે, ડોસીઓ રડે, જુવાન રડે, છોકરાં રડે. કોઈ સામું ન થાય. એટલું જ કહે, ‘બધું બાળી શું કામ નાખો છો? તમારે જોઈતું હોય તો લઈ જાઓને તમારે ઘેર.’

સોલ્જરો કંટાળ્યા. ‘આ કેવું લડવાનું? બાપડા ક્યાં ના પાડે છે? પછી શા માટે બધું બાળી નાખવું? આવું ગોઝારું કામ શે કરવું?’

સોલ્જરો રાજાને પડતો મૂકી દેશ ભેગા થવા માંડયા. રાજા પણ શરમાઈને દેશ પાછો ફર્યો.

૩

સેતાને વિચાર્યું : "અહીં લશ્કરનું કામ નહીં! રાજાય મૂરખ, લોકોય મૂરખ. માટે પૈસાવાળી રીત અજમાવીએ – તરાસની જેમ!"

લીધો સોદાગરનો વેશ. આવ્યો રાજા ઈવાન પાસે: 'રાજાજી, અહીંના લોકો મૂરખ છે, તેમને હોશિયાર બનાવી દઉં. અહીં ઘર બાંધીને રહું ને વેપાર-ધંધો ચલાવું. લોકો વેપાર-ધંધો શીખે ને પૈસાદાર બને.'

ઈવાન કહે – 'ભલે, આવીને ખુશીથી રહો.'

બીજે દિવસે સેતાન સોનામહોરોની ગુણો ને મકાનનો નકશો લઈને આવ્યો. ચકલામાં લોકોને ભેગા કરીને કહેવા લાગ્યો : 'મારે ઘર બંધાવવું છે. તમે ચીજો લાવો, હું તમને મહોરો આપીશ – ચકચકતી. તમે મજૂરી કરવા આવો, મહોરો આપીશ – સોનાની! માલ વેચો ને પૈસાદાર બનો. મજૂરી કરો ને તાલેવંત થાઓ. બની જશો લખપતિ!'

લોકો ચળકતાં ચકરડાં તરફ જોઈ રહ્યા, 'મજાનાં છે – બૈરાં ને છોકરાંને રમવા થશે!'

લોકો લાવવા માંડયા અનાજ : સોદાગર મહોરો આપે. લોકો લાવવા માંડયા લક્કડ : સોદાગર મહોરો આપે. લોકો લાવ્યા માટી-ચૂનો : સોદાગર મહોરો આપે. લોકો આવ્યા પાયા ખોદવા – મજૂરી કરવા – મકાન બાંધવા : સોદાગર મહોરો આપે.

થોડા દહાડા કામ ચાલ્યું ધમધોકાર. પછી બધું ઠપ! સોદાગર કહે, 'કેમ આવતા નથી? કેમ લાવતા નથી?'

લોકો કહે, 'ચકરડાં બહુ થઈ ગયાં. વધારે શું કરવાં છે?'

સોદાગર કહે, 'બમણા પૈસા આપીશ – ત્રમણા! બહુ પૈસાદાર થશો : લખપતિ – કરોડપતિ! મજૂરી કરવા આવો – વસ્તુઓ વેચો – ધંધો કરો. પૈસા તો જેમ વધારે હોય તેમ સારા!'

લોકો કહે, 'એ ચકરડાં શા કામનાં? રમવા કેટલાંક જોઈએ? બહુ થઈ ગયાં!'

સોદાગરનો મહેલ રહ્યો અધૂરો. અનાજ ભેગું ન થયું, ઢોર પણ ન મળ્યાં. લોકો કશું વેચવા ન આવે – મજૂરી કરવા ન આવે.

સોદાગર ઘેર ઘેર મહોરો લઈને ફરે! એક ડોસીને ત્યાં અનાજ લેવા ગયો ત્યારે ડોસી કહે, 'ચકરડાં ઘણાંય થઈ ગયાં. છોકરાં પાસે બહુ છે; વધારે લઈને શું કરું?'

બીજી બાઈ કહે, 'મારે છોકરાં જ નથી; પછી કોને રમવા માટે ચકરડાં લઉં?'

ખેડૂતને ઘેર રોટલા લેવા ગયો. ખેડૂને કહ્યું, 'મારે હવે ચકરડાં નથી જોઈતાં, ચાલ્યો જા!' પણ પાછો બોલાવીને તેને કહ્યું, 'ભૂખ્યો હોય તો ભગવાનને નામે[1] આપું – લેતો જા!'

'થૂ! થૂ! થૂ!' ભગવાનની વાત સાંભળી સેતાન લાગ્યો થૂંકવા ને માંડયો ભાગવા. 'ભગવાનનું નામ સંભળાવ્યું તેના કરતાં તો મને છરી ખોસી દીધી હોત તોય સારું!'

સેતાન ઘેરઘેર ફરી વળ્યો. મહોરો ધરે, પણ બધા કહે, 'ઘણી થઈ ગઈ, વધારે શું કરવી છે? બીજું કંઈ લાવ્યો હોય તો દેખાડ! નહિ તો મજૂરી કર કે પછી માગ ભગવાનને નામે!'

પણ સેતાન પાસે પૈસા સિવાય બીજું કશું હોય નહિ; ને મજૂરી કરવાનું તો ગમે નહિ. વગર મહેનતે પૈસાદાર થવાનું મૂકી મહેનત-મજૂરી કોણ કરે? ઉપરથી લોકોને વઢવા લાગ્યો : 'મૂરખાઓ, સમજતા કેમ નથી? પૈસા હોય તો બધું મળે : અનાજ-પાણી, ઢોર-ઢાંખ, નોકર-ચાકર – બધું જ. પૈસા હોય પછી મજૂરી જ ન કરવી પડે. માટે હું કહું છું તેમ પૈસા કમાતાં શીખો; ખૂબ ભેગા કરો!'

લોકો કશું સમજે તોને? ઉપરથી કહે, 'ચકરડાં બહુ શા કામનાં? અમારે જોઈતું પકવીએ છીએ – અમારે જોઈતું બનાવીએ છીએ –

---

૧. ભગવાનને નામે એટલે ભગવાનને ખાતર, ભગવાન પ્રસન્ન થાય તે માટે, એવો ભાવ. રશિયામાં ખેડૂતો દાનધર્મ કરતી વેળા 'ક્રાઈસ્ટને ખાતર, ક્રાઈસ્ટને નામે' એવા શબ્દો બોલે છે. – સંપા૦

અમારે ચકરડાં શું કરવાનાં? તું જ અમારી પાસે વસ્તુઓ માગવા કેમ આવે છે? તારી પાસે તો ઘણાં ચકરડાં છે!'

સેતાનને કશું ન મળ્યું: ભૂખ્યા સૂઈ જવાનું થયું.

લોકો રાજા પાસે ગયા: 'રાજાજી, એક મનીખ આવ્યો છે. સારું સારું ખાવા જોઈએ – પહેરવા જોઈએ. પણ કામ કરવાનું નામ નહિ! ચકરડાં આપે ને ખાવાનું માગે, ચીજો માગે પણ અમે કેટલાંક ચકરડાં લઈએ? ભગવાનને નામે પણ લે નહિ. હવે ભૂખે મરવા પડયો છે – શું કરવું?'

ઈવાન કહે – 'આપણા રાજમાં કોઈને ભૂખે મરવા ન દેવાય. વારા બાંધો – રોજ એક એક જણને ત્યાં ખાવા જાય. ભરવાડની પેઠ'[1]

લોકોએ વારા બાંધ્યા: એક એક જણને ત્યાં વારાફરતી સેતાને ખાવા જવાનું.

એક દહાડો ઈવાનરાજાને ત્યાં ખાવા જવાનો વારો હતો. બધાં જમવા બેઠાં.

ખાવાનું પીરસતા પહેલાં ગૂંગી બધાંની હથેળીઓ જોવા આવી. જેની હથેળીમાં આંટણ ન પડયાં હોય, તેને ઝટ ઉઠાડી મૂકે. મજૂરી કરે તેને જ આંટણ પડે; ને આંટણ ન હોય તેને ખાવાનું શાનું?

ગૂંગી હથેળીઓ જોતી જોતી આવી સેતાન પાસે. સેતાનના હાથ તો ચોખ્ખા – સુંવાળા! મજૂરી કરે ત્યારે આંટણ પડેને!

ગૂંગીએ ઝપ દઈને તેને પંગતમાંથી ઉઠાડી મૂકયો.

ઈવાનની રાણીએ સેતાનને કહ્યું – 'મહેમાન, ગુસ્સે ન થશો. મારી નણંદ હથેળીમાં આંટણ ન પડયાં હોય તેને ખાવાનું નથી આપતાં. બધા જમી ઊઠે ત્યાં સુધી બહાર બેસો; થાળીઓમાં વધ્યું હશે – છાંડયું હશે તે તમને હું પછી આપી દઈશ.'

---

૧. જૂના વખતમાં રશિયાના ખેડૂતો પોતાનાં ઢોર ચારવા લઈ જનાર ભરવાડને ખાવાનું આપવા એક એક ઘરના વારા બાંધતા. – સંપા૦

સેતાનને ચડયો ગુસ્સો. 'હું ડુક્કર છું કે મને ખાતાં છાંડેલું મળશે? અને તેય રાજાને ઘેર!'

ઈવાનને કહેવા લાગ્યો : 'આવો કેવો કાયદો તમારા રાજમાં : હાથમાં આંટણ પડેલાને જ ખાવાનું મળે! કયા મૂરખે એવો કાયદો શોધી આપ્યો છે તમને? મૂરખ લોકો જ હાથ વડે મજૂરી કરે. અક્કલવાળા તો માથું જ વાપરે. માથું વાપરી જાણે તે જ ખરો!

ઈવાન કહે — 'અમે મૂરખ તો એ કયાંથી જાણીએ? અમને તો હાથે ને કેડ વડે જ કામ કરતાં આવડે.'

સેતાન કહે — 'માથા વડે જ ખરું કામ થાય; હાથ વડે કેટલુંક કમાય? માથું વાપરતાં આવડે તો થવાય લખપતિ – કરોડપતિ!'

ઈવાન વિચારમાં પડી ગયો. 'માથા વડે કામ કરતાં નથી આવડતું, પછી મને મૂરખ જ કહેને? માથા વડે કામ શી રીતે કરાતું હશે?'

સેતાન કહે — 'મારા હાથમાં આંટણ નથી તેથી મને ખાવાનું નથી આપતા. પણ માથું વાપરવું એવું સહેલું નથી. મજુરી કરવામાં શી આવડત? બધા જ કરી શકે. માથું વાપરવાનું જ ખરું અઘરું છે. કોઈ વાર માથું ફાટી પણ જાય!'

ઈવાન મૂંઝાઈ ગયો. 'હેં, માથું ફાટી પણ જાય? માથું ફાટે તો દુ:ખે નહિ? તો હાથ વાપરવા શા ખોટા? થોડાં આંટણ પડે; પણ એ તો રૂડાં રૂપાળાં દેખાય. તમેય હાથ વાપરવા માંડોને! શું કામ દુ:ખી થાઓ છો?'

'મૂરખાઓ, મને તો તમારી દયા આવે છે, તેથી અહીં પડી રહ્યો છું. તમને માથું વાપરવાનું શીખવાડવા! નહીં તો બીજે જાઉં તો તો કરોડપતિ બની જાઉં – અબજપતિ!'

'તો ભલે, અમને શીખવાડો માથું વાપરતાં. કામ કરતાં હાથ થાકી જાય ત્યારે માથું વાપરીશું. બે રીતે કામ કરતાં આવડે એ તો રૂડું-રૂપાળું!'

૪

ઈવાનરાજાએ કાઢયો હુકમ : 'એક ભલો મનીખ આપણને

માથા વડે કામ કરતાં શીખવાડશે. કહે છે કે, માથા વડે વધારે કામ થાય – હાથ કરતાંય. માટે સૌ શીખવા આવો અમારી રાજધાનીમાં.'

ઈવાનરાજાની રાજધાનીમાં એક ઊંચું ટાવર. પગથિયાં ચડીને ટોચે પહોંચાય. ટોચે મોટું ફાનસ. ઈવાનરાજાએ સેતાનને ટાવર ઉપર ચડાવ્યો : નીચે બધા લોકો તેને જોઈ શકે – સાંભળી શકે.

સેતાને આપવા માંડયું ભાષણ : 'સૌ માથા વડે કામ કરતાં શીખો. બધે જ ડાહ્યા લોકો માથા વડે જ કામ કરે છે – હાથ વડે તો અભણ-મૂરખ હોય તે કરે. હાથ વડે કામ કરનારો રહે ગરીબ. માથું વાપરનાર થાય લખપતિ – કરોડપતિ. તેને જ બધી સારી ચીજો મળે – તેને ત્યાં જ લોકો કામ કરવા જાય. માથું વાપરનારને હાથ વડે કામ જ ન કરવું પડે – ખેતરમાં ન જવું પડે – જંગલમાં ન જવું પડે. બંગલામાં બેઠો બેઠો જ બધું મેળવે!'

નીચે સાંભળનારા રાહ જુએ, 'કયારે માથું વાપરતાં શીખવાડે છે.' પણ પેલો તો બોલ્યા જ કરે, 'માથું વાપરનારને હાથ વડે કામ કરવું ન પડે; છતાં વધારે કમાય – ખૂબ જ કમાય.'

લોકો ગૂંચાયા. સાંભળતાં થાકયા. કશું શીખવાડે નહિ – બોલ્યા કરે. કંટાળીને થયા ચાલતા – પોતપોતાને કામે.

સેતાન બોલ્યા કરે. નીચે લોકો આવે – સાંભળે – ને ચાલતા થાય. સેતાન વધારે બૂમો પાડતો જાય. એમ ત્રીજો દિવસ પૂરો થયો, ને ચોથો પણ!

લોકો તો આવે ને ચાલતાં થાય : કોઈ ખાવાનું ન લાવે – ન આપે. એમ કહે કે, 'હાથ કરતાં માથા વડે વધારે કામ કરતાં તેને આવડે છે, એટલે રોટલા તો મેળવશે જ ને – ખાશે જ ને?'

સેતાનભાઈ થાકયા - ભૂખે રહેવાય નહીં, બોલાય પણ નહિ, ઊભું પણ ન રહેવાય. એટલે ખાધું લથડિયું. માથું અફળાયું ફાનસના થાંભલા સાથે.

લોકો દોડતા ગયા ઈવાનરાજાની રાણી પાસે. માથાં પછડાયાની વાત કહી. રાણી દોડી ખેતર તરફ. જઈને ઈવાનરાજાને કહે — 'મહેમાને માથા વડે કામ કરવા માંડયું છે; ચાલો જોવા!'

ઈવાનને શીખવાનું મન. ઘોડા ઉપર બેસીને આવ્યો ટાવરે. ટાવર ઉપર સેતાન ભૂખે અડબડિયાં ખાય ને માથું થાંભલે પછડાય. પછી તો બેભાન થઈને ગબડતો આવ્યો પગથિયાંમાં. એક એક પગથિયે એક એક ઢેકો થયો. માથું ફૂલીને થયું તુંબડું.

ઈવાનને આવી દયા, 'મહેમાન કહેતો'તો કે માથા વડે કામ કરતાં માથું ફાટી પણ જાય! એના કરતાં હાથ વાપરવા શા ખોટા? એનું માથું ફાટવામાં શું બાકી રહ્યું છે?'

પછી વિચાર આવ્યો — 'ઉપર જઈને જોઉં તો ખરો કે, માથા વડે આણે કેટલુંક કામ કર્યું છે.'

જેવો પગથિયાં ચડવા જાય છે, તેવી જ ધરતી ફાટી – પડયું મોટું ભગદાળું – સેતાનભાઈ અંદર અલોપ!

ઈવાન ભગદાળું જોઈને બોલી ઊઠયો — 'અરે આ તો ભૂતડું! ના કહેતું'તું ને પાછું આવ્યું? ના, ના, આ તો મોટું લાગે છે. જરૂર પેલાં ત્રણેનો બાપ હશે!'

૫

ઈવાન હજુ રાજ કરે છે. એના બે ભાઈ પણ હવે તેને ત્યાં જ આવીને રહે છે. બીજા ઘણાય એના રાજમાં આવતા જાય છે. જે આવે તેને ઈવાન કહે છે, 'આવોને, નિરાંતે રહો અમારી ભેળા!'

માત્ર એના રાજમાં એક કાયદો છે – જમવા બેસતી વેળા હાથ બતાવવા પડે; ને હથેળીમાં આંટણ ન હોય, તો ગૂંગી ઝટ ઉઠાડી મૂકે!

[સમાપ્ત]

પરિવારની શિક્ષાપત્રીઓ

વિચારમાળા સંપા કમુબહેન પુ૦ છો૦ પટેલ ૦.૭૫
['સત્યાગ્રહ'ની સુંદર વિચારકલિકાઓનો સંગ્રહ.]

ચિંતનમણિમાળા સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૧.૦૦
['નવજીવન' માસિકનાં વિચાર-પુષ્પો. સચિત્ર.]

અમર-વેલ સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
[દેશદેશનાં ડાહ્યાં સ્ત્રી-પુરુષોનાં વિચાર-મૌક્તિકો.]

આત્મ-શોધનમાળા સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
[આત્મસંશોધનને લક્ષમાં રાખીને ચૂંટેલાં સુભાષિતો.]

પારસમણિ સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
['શિક્ષણ અને સાહિત્ય' માસિકમાંથી ચૂંટેલાં સુભાષિતો અને સુવાક્યો.]

અવળ-વાણી સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
[ચાબખા, કોરડા અને કડવી-વાણી જેવાં સુવાક્યો.]

વિચાર-મણિ-માળા સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
['સત્યાગ્રહ'ની વિચારકલિકાઓનો આગળનો સંગ્રહ.]

મોતીમાળા સંપા૦ ભગવાનદાસ મોતીવાળા ૨.૦૦
[પ્રેરક વિચાર-કલિકાઓ.]

મનનિકા સંપા૦ વિજયશંકર મં૦ ભટ્ટ ૩.૦૦
[સંપાદકે વાંચેલાં અનેક પુસ્તકોના સારરૂપ મૂળ ફકરા.]

પ્રાપ્તિસ્થાન

વર્લ્ડ ક્લાસિક મ્યૂઝિયમ
એડવાન્સ સિનેમા સામે, ભદ્ર, **અમદાવાદ-૧**
ફોન : ૩૯૪૩૪૨; ૪૪૬૫૭૮

ધરતી માતા

[સર આલ્બર્ટ હાવર્ડ કૃત 'ધ સૉઈલ ઍન્ડ હેલ્થ']

કોઈ પણ વસ્તુના તત્ત્વના જ્ઞાનને 'વેદ' કહી શકાય, અને તે જ્ઞાનનો પહેલપ્રથમ પ્રકાશ અંતરમાં લાધનારને 'ઋષિ' કહેવાય, તો ધરતી માતાના વેદ-જ્ઞાનનો આવિષ્કાર કરનાર આ 'ઋષિ'ની કૃતિનો આ વિસ્તૃત સંક્ષેપ છે.

પરદેશી જ્ઞાન અને વસ્તુઓના મોહમાં અંધ બનેલા આપણા રાજકર્તાઓ અને તેમના કહેવાતા 'વિજ્ઞાની'ઓ આપણી ધરતી માતાની રાસાયણિક ખાતરો અને યાંત્રિક ખેડથી કેવી બરબાદી સરજી રહ્યા છે, તેની આવી સ્પષ્ટ ચેતવણી ઉચ્ચારનાર આ હિંમતવાન બહાદુર વિદ્વાનની ચેતવણી તરફ માતૃદ્રોહ કરવાનું મહા-પાપ આચરીને જ આપણે દુર્લક્ષ કરી શકીએ!

કિં૰ ૧૦.૦૦